॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ સૂર્ય અને ગુફા ॥

એક દિવસ સૂર્ય અને ગુફા વચ્ચે વાર્તાલાપ થયો. અંધારું એટલે શું તે સૂર્યને સમજાતું ન હતું અને ગુફાને પ્રકાશનો મર્મ ખબર ન હતી પડતી. તેથી તેમણે પોતાનાં સ્થાન બદલવાનું વિચાર્યું. ગુફા સૂર્ય પાસે ગઈ અને કહ્યું; 'આ તો અતિ અદ્‌ભુત છે. હવે તમે નીચે આવીને જુઓ જ્યાં હું રહું છું.' સૂર્યે ગુફામાં નીચે જઈ કહ્યું; 'મને તો કોઈ ફેર જણાતો નથી. સૂર્ય જ્યારે નીચે ગયો ત્યારે પોતાનો પ્રકાશ સાથે લઈને ગયો હતો તેથી અતિ અંધારા ખૂણા પણ પ્રકાશિત થઈ ગયા હતા.

આ કથાનો મર્મ એ છે કે, કોઈ પણ પ્રબુદ્ધ-જાગ્રતને તમે કદી નર્કમાં કે અંધારામાં ધકેલી શકો નહિ. તેઓ હંમેશાં પોતાનું સ્વર્ગ પોતાના ખભા પર લઈને ફરે છે. જો તમે ભીતર અંધારાથી, નકારાત્મકતા ભય કે સંશયથી ભરેલા હો તો તમે અજાણતાં જ ગુફા બની જાઓ છો. પણ જો તમે સૂર્યની જેમ પ્રકાશમાન હો તો પછી ગુફાના અંધારાથી કોઈ ફેર નહિ પડે. તમે ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં હો છતાં તમે ક્યાંક ને ક્યાંક કૃપા, આશીર્વાદ મેળવવા સામર્થ્યવાન બનશો જ. તમે તમારું સ્વર્ગ પછી સાથે લઈને જ ફરશો.'

**—એક સૂફી કથા**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## ॥ એપ્રિલ-૨૦૨૧ ॥

God's great power
Is in the gentle breeze,
Not in the storm.
ઈશ્વરની પરમ ઊર્જા સૌમ્ય હવાની લહેરમાં છે.
નહિ કે આંધિ-ઝંઝાવાતમાં !

—કવિવર ટાગોર



# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૫ |
| ૧. | શ્રી યોગેશ્વરકથામૃત | શ્રી 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. | શ્રીરામના પ્રાગટ્યની કથા | શ્રી યોગેશ્વરજી | ૧૨ |
| ૩. | જીવનયાત્રા | " | ૨૬ |
| ૪. | સ્થિતિ | " | ૩૧ |
| ૫. | પ્રીતમદાસનો પરચો | " | ૩૧ |
| ૬. | કર્તાભાવને બદલે દૃષ્ટાભાવ | ડૉ.કુમારપાળ દેસાઈ | ૩૪ |
| ૭. | મોહાવેશનો ભોગ ન બનો | ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૩૯ |
| ૮. | જીવનની વસંત : 'શ્રી યોગેશ્વર ભગવંત' | શ્રી જ્યોત્સ્ના ત્રિવેદી | ૪૮ |
| ૯. | જીવતા દેવને | શ્રી યોગેશ્વરજી | ૫૪ |
| ૧૦. | અમારાં દર્દ હરનારા | શ્રી 'મા' સર્વેશ્વરી | ૫૮ |
| ૧૧. | મહામારી સામે મૃત્યુંજય મંત્ર સમાં શ્રી'મા' | શ્રી મયૂરી ટેલર | ૬૧ |
| ૧૨. | હાસ્યસમ્રાટ શ્રી જ્યોતીન્દ્ર દવે | સંકલન | ૬૪ |

# નિવેદન : સત્સંગકી આધી ઘડી

આપણા રાષ્ટ્રનો ‘પ્રજાસત્તાક દિન’ આ વખતે ‘સ્વર્ગારોહણ’માં ‘ભક્તસત્તાક’ દિનનું ગૌરવ પામ્યો; કેમકે, પૂજ્યશ્રી‘મા’નો પ્રેમસંદેશ હતો ભક્તોને સ્વર્ગારોહણ તીર્થે તેડવા માટેનો ! દર્શનાતુર ભક્તોએ તે વધાવી લીધો અને આવી ઊભા તીર્થના પ્રવેશદ્વારે !

તો ‘યોગતીર્થ’ની અટારીએથી પૂજ્યશ્રી‘મા’ એક બૉર્ડ દર્શાવે છે, પોતાના વરદ હસ્તે ધારીને ! જેમાં લખ્યું હોય છે : ‘પધારો. સ્વર્ગારોહણ સર્વ સ્વજનોનું પિયર છે. મુક્તિનો આનંદ માણો. જપો, તપો, પ્રભુ પાસે બેસો. આવો અવસર વારંવાર ના આવે.’

અર્થાત્ સંસાર સાસરવાસ છે, ત્યાં અનેક પ્રકારનાં બંધનો છે. જ્યારે આ આપ સર્વનું પિયર છે, મુક્તિધામ છે. કોઈ ફરજ, જવાબદારી અહીં નથી. તમે માત્ર પ્રભુનું નામ લો, એને માટે તપો, એની પાસે બેસો બસ. નિર્ફિકર, મસ્ત બની આ તીર્થના પાવિત્ર્યનો, પરમ શાંતિનો, પ્રસન્નતાનો અનુભવ કરો. તમે સુભાગી છો કે આવો વિરલ અવસર તમને માણવા મળ્યો છે.

અને પૂજ્યશ્રી‘મા’ સ્વયં સાથે રહીને ‘અભિનવ યોગતીર્થ’ની વંદનયાત્રા કરાવી, પરમ સદ્‌ગુરુ શ્રી યોગેશ્વરજીનાં ચિન્મય સ્વરૂપોનું દર્શન કરાવી; એક દિવ્ય વાયુમંડળનો એવો અહેસાસ કરાવે છે, કે આપણે અવાક્, અશ્રુપ્લાવિત નેત્રે પ્રેમની એ પવિત્ર ગંગામાં અવગાહન કરી રહીએ.

એ પુનિત તીર્થની વિદાય લેતા ભક્તો માટે પૂ.શ્રી‘મા’ એક એવું બૉર્ડ મૂકાવે છે : ‘ફરી પાછા પિંજરમાંથી ઉડતાં-ઉડતાં સ્વર્ગારોહણ પ્રભુ પાસે પ્રેમથી પધારજો. અમે સૌ રાહ જોઈશું.’

અર્થાત્ પૂ.શ્રી‘મા’ જાણે છે કે, પરમ આનંદના આ અનુભવ પછી, મુક્તિનું અસીમ આકાશ અનુભવ્યા પછી, આ સંસારીઓ પાછા પિંજરસ્થ થઈ જશે. પણ નિરાશ કરવાને બદલે પ્રેમભરી આશા બંધાવતાં કહે છે : પિંજરમાંથી બહાર નીકળી, ઉડતાં-ઉડતાં અહીં પ્રભુ પાસે પ્રેમથી પધારજો. અમને સતત તમારી પ્રતીક્ષા રહેશે. આમ, ‘આવકાર-પુનઃ આવકાર. સ્વાગત-પુનઃ સ્વાગત.’ એ જ જેમની એકમાત્ર ભાષા છે એવા પૂજ્યશ્રી‘મા’ની સ્નેહસંનિધિથી સુગંધિત એ સત્સંગ ભલે ઘડી-આઘી ઘડીનો હતો, પણ શાશ્વતીની એવી મહેક મૂકી ગયો છે કે, તેઓશ્રીને વારંવાર પ્રણમી, ટાગોરનાં શબ્દપુષ્પોથી નવાજવાનું મન થાય : ‘On our fleeting moment you have marked an eternity.’



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૮૭**
**તા. ૧૧-૨-૮૩, શુક્રવાર, મહા વદ ચૌદશ ૨૦૩૯**
**મહાશિવરાત્રી ૨૦૩૯, ડરબન શહેર**

આજે ઉપવાસ, ફલાહાર લીધો. સવારે પૂ.શ્રીએ નિયમિત થતું મહાભારતનું લેખન કર્યું.

મેં ‘અધ્યાત્મ’ માટે લેખ તૈયાર કર્યો. પૂ.શ્રીનાં અંગ્રેજી પ્રવચનો એ આ યાત્રાની વિશેષતા છે. તેથી ‘પરદેશમાં પ્રવચનપ્રવાહ’નો લેખ મેં તૈયાર કર્યો.

આજે શિવરાત્રી નિમિત્તે સપ્તાહમંદિરમાં ગુજરાતીમાં રાત્રે નવથી દશ પ્રવચન છે. વળી, રામકૃષ્ણ સૅન્ટરની એસેવીલ અને અવોકા શાખામાં પણ પૂ.શ્રીનાં અંગ્રેજી પ્રવચનોનું આજનું આયોજન થયેલું છે.

આજે પૂ.શ્રી સાંજે સાત વાગ્યાથી રાત્રે બાર વાગ્યાં સુધી બહાર જશે. ત્રણ પ્રવચનો ગોઠવાયાં છે. પૂ.શ્રીએ આજના દિવસ માટે જ અપવાદરૂપે સંમતિ દર્શાવી છે.

સાંજે સાત વાગ્યે પ્રવચન માટે ઉતારા ઉપરથી વિદાય લઈએ છીએ. પ્રથમ રામકૃષ્ણ સૅન્ટર, એસેવીલમાં જવાનું છે. થોડા જ વખતમાં અમે ત્યાં પહોંચી ગયાં.

ઉપર ગાડી પાર્ક કરીને નીચે હૉલની પાસે પહોંચ્યાં ત્યારે સંકીર્તન ચાલી રહ્યું હતું. પૂજા પૂરી થઈ ગઈ હતી. હૉલ આખોયે ભરાયેલો હતો. થોડી જ મિનિટોમાં સંકીર્તન પૂર્ણ થયું. આ સંસ્થાના અધ્યક્ષ શ્રી શિવપાદાનંદજીએ જયકાર બોલાવીને સૌને ઊભાં થવાની સૂચના આપી.

સૌ ઊભાં થયાં એટલે સ્વામી શિવપાદાનંદજી પોતાની બેઠક ઉપરથી ઊભાં થઈ હૉલની બહાર અમને લેવા આવ્યા. હંમેશની જેમ તેમણે ખૂબ નમ્રતાથી ઝૂકીને પ્રણામ કર્યા. પછી અમને સ્ટેજ ઉપર લઈ ગયા.

આજે શિવરાત્રિ એટલે શિવલિંગની પૂજા થયેલી હતી. શ્રી રામકૃષ્ણદેવના તૈલચિત્ર પાસે શિવપૂજા થઈ હતી. ત્યાં ફૂલોના શણગાર હતા. એક બાજુ વિવિધ પ્રસાદોની થાળીઓ મુકાયેલી હતી.

એક તરફ સ્વામીજીની અને પૂ.શ્રીની બેઠકો હતી. એની બરાબર સામી બાજુ મારી બેઠક હતી. બેઠકો ઉપર ભગવા રંગની ચાદરો હતી.

બેઠકો ઉપર બેઠાં કે તરત જ સ્વામીજીએ જાહેર કર્યું: મહાત્માજી આપણને પ્રાર્થના કરાવશે.

પૂ.શ્રીએ એકાદ મિનિટ પછી 'ભવાનીશંકરૌ વન્દે' શ્લોકથી પ્રાર્થના શરૂ કરી. પછી બે-ત્રણ શ્લોકો બોલીને 'નમઃ શિવાય' ની ધૂન શરૂ કરી. શ્રોતાવર્ગ સહિત અમે સૌ ઊભાં જ હતાં. ધૂનમાં પૂ.શ્રી ધીમે ધીમે મસ્ત બનીને ગવડાવવા લાગ્યા. એક એક હાથ વારાફરતી ઊંચો થાય ને ધૂનની રંગત શરૂ થઈ. શ્રોતાઓએ ખૂબ પ્રેમથી, મસ્તીથી ધૂન ઝીલી. છેવટે ધૂન પૂર્ણ થઈ એટલે સૌને બેસવાની સૂચના મળી.

પછી, શ્રોતાવર્ગ પૈકીના બે-ત્રણ ભાઈબહેનોએ સ્વામીજીની સૂચના પ્રમાણે કીર્તન કરાવ્યું.

છેવટે, પ્રવચન પહેલાં સ્વામી શ્રી શિવપાદાનંદજીએ સ્વાગત કરતાં કહ્યું: મહાત્માજીને અને માતાજીને આવકારતાં મને આનંદ થાય છે. એ બન્ને દિવ્ય આત્માઓનાં દર્શન



કરવાનું સદ્‌ભાગ્ય આજે ફરીથી મળ્યું છે. મહાત્માજી ખૂબ પ્રેમાળ છે. હવે તેઓ શિવરાત્રી ઉપર પોતાનો સંદેશ આપશે.

પૂ.શ્રી યોગેશ્વરજી સ્ટેજ ઉપરની બેઠક ઉપરથી ઊભા થાય છે અને પ્રવચન શરૂ કરે છે. ત્રણવાર મહામૃત્યુંજય મંત્ર પૂ.શ્રી બોલે છે. પછી ભગવાન શંકરના અલૌકિક સ્વરૂપની આધ્યાત્મિક સમજ આપે છે. તેમાં સર્પ, ગંગા, ચંદ્રનાં પ્રતીકોની સંપૂર્ણ સમજ આપે છે. એક શ્લોકની પણ સમજૂતી આપે છે.

સૌ શાંતચિત્તે પૂ.શ્રીને સાંભળે છે. છેવટે, પૂ.શ્રીએ ફરી ધૂન બોલાવીને પ્રવચન પૂર્ણ કર્યું.

પ્રવચન અંગ્રેજીમાં હતું. પોણા કલાકનું એ પ્રવચન સાંભળવા અંગ્રેજો, ભારતીય ભાઈબહેનો ઘણી મોટી સંખ્યામાં હૉલમાં બેઠાં હતાં.

સ્વામીજીએ ભજન ગવડાવવાનો મને ખૂબ આગ્રહ કર્યો, પણ હજી તો અમારે બીજાં એક ગુજરાતી પ્રવચન માટે જવાનું હોવાથી, સમયના અભાવે ના કહી, તેથી બીજાં સૅન્ટરમાં મારે ગવડાવવું એવું નક્કી થયું.

સ્વામીજીએ આભારદર્શન કર્યું. છેવટે જાહેર કર્યું કે, મહાત્માજી અને માતાજી બંને દિવ્યાત્માઓનો આભાર. એ બન્ને દિવ્યાત્માઓ હવે વિદાય લે છે. આપણે સૌ ઊભાં થઈએ.

સૌ કોઈ ઊભાં થઈ જાય છે. સ્વામીજી પૂ.શ્રીને પ્રણામ કરે છે અને શિવપૂજા જ્યાં હતી ત્યાં તેઓ પૂ.શ્રીને કહે છે કે, આપ આ બીલીપત્ર ને જળ ચઢાવો. પૂ.શ્રી

બીલીપત્ર ને જળ ચઢાવે છે. મારે પણ સ્વામીજીની ઈચ્છા મુજબ બીલીપત્ર ને જળ ચઢાવવાનું બને છે. અંતે ભગવાન શંકરને તથા સ્વામીજીને મેં પ્રણામ કર્યા પછી, હૉલમાંથી વિદાય થયાં, ત્યારે ઘડિયાળમાં સવા નવ વાગી રહ્યા હતા.

હજી તો શહેરમાં આવેલા સપ્તાહમંદિરમાં જવાનું હતું. ત્યાં એક કલાકનું પ્રવચન હતું. અંદર બે બેઠકો તૈયાર જ હતી. ત્યાં બેસતાં પહેલાં મંદિરના મુખ્ય ભાગમાં અમે જઈએ છીએ. પ્રણામ કરીને અમારી બેઠક લઈએ છીએ.

સંચાલક ભાઈએ સ્વાગતમાં જણાવ્યું; રામની કૃપા વિના સત્સંગ મળતો નથી. ઈશ્વરકૃપાએ આ દેશમાં સંતો આવે છે ને સત્સંગનો લાભ મળે છે. એમ કહીને સ્વાગતમાં અમને બન્નેને પુષ્પહાર અર્પણ કરે છે.

પૂ.શ્રી શરૂઆતમાં ધૂન બોલાવે છે. પછી આજનું પ્રવચન શરૂ કરે છે, ત્યારે રાત્રે પોણા દશ થયા હતા. ભગવાન શંકરને મેળવવા પાર્વતીના તપની વાત, પુષ્પદંતના 'શિવમહિમ્નસ્તોત્ર'ની રચના વિશે સમજાવે છે. એક કલાકને અંતે પ્રવચન પૂર્ણ થાય છે, પછી, પૂ.શ્રીએ લખેલું એક ભજન હું ગવડાવું છું.

છેવટે આભારદર્શન થયા પછી અમે વિદાય લઈએ છીએ.

હવે, શહેરની બીજી દિશામાં જ્યાં બીજું રામકૃષ્ણ સૅન્ટર આવેલું છે, તે અવોકા વિસ્તારમાં જવાનું છે. પંદર-વીસ મિનિટમાં અવોકાના સૅન્ટરમાં પહોંચી જઈએ છીએ.

અહીં શ્રી શિવપાદાનંદજીના બે સહાયક યુવાસ્વામીઓ શ્રી શારદાનંદ ને શ્રી પ્રેમાનંદ આજના



દિવસનો ઉત્સવ ઊજવી રહ્યા હતા. અહીં પણ હૉલ ભરાયેલો હતો. બહાર પણ લોકો બેઠાં હતાં. સંકીર્તન ખૂબ સુંદર રીતે ચાલી રહ્યું હતું.

સ્વામી શારદાનંદજી અમને બેઠક તરફ દોરી ગયા.

એકાદ સંકીર્તન બાદ મહાત્માજીને પોતાનું વક્તવ્ય શરૂ કરવા સ્વામી પ્રેમાનંદજીએ વિનંતિ કરી. ત્યાં જ ખબર મળી કે સ્વામી શ્રી શિવપાદાનંદજી એસેવીલના સૅન્ટરમાંથી અહીં આવવા નીકળી ગયા છે, જેથી પૂ.શ્રીએ રાહ જોવાનું કહ્યું.

ફરી એક સંકીર્તન શરૂ થયું. ઘડિયાળ તો પોણા બાર વાગ્યાની સૂચના આપતી હતી. રાહ જોઈને છેવટે પૂ.શ્રીને પ્રવચન આપવાની વિનંતિ થઈ.

પૂ.શ્રીએ ભગવાન શંકરના પદ્માસનની વાત, પુષ્પદંતની વાત અંગ્રેજીમાં શરૂ કરી. પ્રવચન પૂરું થવાની તૈયારી હતી ત્યાં જ સ્વામીજી આવી પહોંચ્યા. તેથી પૂ.શ્રીએ પોતાનું પ્રવચન થોડું લંબાવ્યું. છેવટે પોણા કલાકનું એ અંગ્રેજી પ્રવચન પૂર્ણ થયું.

અહીં પણ પૂ.શ્રીએ ઊભા રહીને જ અંગ્રેજી પ્રવચન કર્યું. શરૂઆતમાં ને અંતે ધૂન બોલાવી. એ ધૂન પણ પૂ.શ્રીએ આજે મસ્તીમાં આવીને ગવડાવી. ક્ષણભર તો એવું લાગતું હતું કે પૂ.શ્રી હમણાં જ નૃત્ય કરવા માંડશે કે શું?

પૂ.શ્રીની આત્મકથા 'પ્રકાશના પંથે'માં વાંચવા મળે છે કે પૂ.શ્રી કિરતાલ લઈને કીર્તન કરતા હતા. એ દૃશ્યનું સ્મરણ કરાવે એવી આજની પૂ.શ્રીની મસ્તી હતી.

વળી, સ્વામીજીએ જાહેર કર્યું કે, હવે માતાજી એક

ભજન સંભળાવશે. તેથી મેં એક હિન્દી ભજન સંભળાવ્યું ને એક ધૂન ગવડાવી.

છેવટે સ્વામીજીએ આભારદર્શન કર્યું. અહીં પણ ભગવાન શંકરની સફેદ આરસપહાણની પ્રતિમા મધ્યભાગમાં હતી. એની પાછળ શ્રી રામકૃષ્ણદેવની મોટી સફેદ પ્રતિમા હતી. ભગવાન શંકરની મૂર્તિની આસપાસ ચાર માટલીઓ ફૂલની માળાઓ સાથે શોભી રહી હતી. મૂર્તિ સામે શિવલિંગ હતું. તેના ઉપર જે આવે તે બીલીપત્ર ચઢાવી પ્રણામ કરતું હતું. જુદાં જુદાં ફૂલોનાં કુંડાંઓ આસપાસ હતાં. વળી, વિવિધ પ્રસાદ પણ ત્યાં મુકાયા હતા.

આભારદર્શન બાદ સૌને ઊભાં થવાની સૂચના અપાઈ. સૌ ઊભાં થયાં. અમે પ્રણામવિધિ બાદ વિદાય લીધી.

ઉતારો આ સ્થળથી બહુ દૂર ન હતો, જેથી પંદર મિનિટમાં ઉતારા ઉપર આવી ગયાં. ત્યારે રાત્રે એક ને પંદર મિનિટ થઈ હતી.

પૂ.શ્રી પ્રવચનો માટે આટલો ઉજાગરો ક્યારેય કરતા નથી, પણ પ્રેમને વશ પ્રભુ ! એ ન્યાયે શ્રી શિવપાદાનંદજીને હા પાડેલ હતી. પરિણામે ઉજાગરાનો આજનો દિવસ અપવાદરૂપ ગણાય.

પૂ.શ્રી રાત્રે એક વાગ્યે પણ થાક અનુભવતા ન હતા. પ્રસન્નતા ને શાંતિનો જ અનુભવ હતો.

રાત્રે આરામ.

**હરિઃ ૐ**

**–શ્રી 'મા' સર્વેશ્વરી**



# ।। શ્રીરામના પ્રાગટ્યની કથા ।।

રામાયણના રચયિતા કવિકુળભૂષણ આદિકવિ મહર્ષિ વાલ્મીકિ શ્રીરામ પ્રત્યે કેવી ભાવના ધરાવે છે ? એ એમને કેવી દૃષ્ટિથી જુએ છે ? પોતાના રામાયણના આરંભમાં એમણે વર્ણવેલા દેવર્ષિ નારદસાથેના એમના સમાગમપ્રસંગ પરથી તો એવી પ્રતીતિ થાય છે કે એ એમને એક આદર્શ સર્વગુણસંપન્ન સર્વોત્તમ સત્પુરુષ સમજે છે કે મહાપુરુષ માને છે અને ભગવાનના અવતાર નથી સમજતા. પરંતુ રામાયણની રસમયી રચનામાં થોડાક આગળ વધીને એ એમના અભિપ્રાયને અધિક સ્પષ્ટ કરતાં રામને ભગવાન વિષ્ણુના અવતાર તરીકે આલેખે છે ત્યારે જ એમને તૃપ્તિ થાય છે. બાલકાંડના પંદરમા તથા સોળમા સર્ગમાં એ આલેખનનો સમાવેશ કરાયો છે. એનું વિહંગાવલોકન કરીએ.

મહાત્મા ઋષ્યશ્રૃંગે મહારાજા દશરથ પાસે પુત્રેષ્ટિ યજ્ઞ કરાવ્યો ત્યારે દેવતાઓ પોતપોતાના યજ્ઞભાગને ગ્રહણ કરવા એ યજ્ઞમાં પહોંચી ગયા. એમણે બ્રહ્માજીને જણાવ્યું કે રાવણ નામનો મહાબળવાન રાક્ષસ તમારો કૃપાપ્રસાદ પામીને અમને સૌને કષ્ટ આપી રહ્યો છે. બીજાની સુખાકારી, સંપત્તિ તથા સમૃદ્ધિને દેખીને એને દ્વેષ થાય છે. એ ઈન્દ્રને પણ પરાસ્ત કરવાનાં સ્વપ્નાં સેવે છે. એ ખૂબ જ ભયંકર છે. એના નાશ માટેનો કોઈ ઉપાય કરવો જોઈએ.

બ્રહ્માજીએ એમને આશ્વાસન આપતાં કહ્યું કે રાવણનો નાશ જરૂર થશે. એણે યક્ષ, ગંધર્વ, દેવ તથા રાક્ષસો દ્વારા એનું મૃત્યુ થાય નહિ એવું વરદાન માગ્યું છે પરંતુ મનુષ્ય દ્વારા મૃત્યુ ના

થાય એવું નથી માગ્યું એટલે એનું મૃત્યુ મનુષ્ય દ્વારા જ થઈ શકશે.

એ જ વખતે ત્યાં ભગવાન વિષ્ણુ પ્રકટ થયા. દેવતાઓએ એમને પોતાની પીડાને શાંત કરવા માટે અયોધ્યાના ધર્મપરાયણ, ઉદાર અને મહર્ષિસમાન શુદ્ધ તથા તેજસ્વી રાજા દશરથને ત્યાં પુત્રરૂપે પ્રાદુર્ભાવ પામવાની પ્રાર્થના કરી. ભગવાને એમની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો.

એ પછી પુત્રેષ્ટિ યજ્ઞમાં પ્રવૃત્ત થયેલા રાજા દશરથના યજ્ઞમાં અગ્નિકુંડમાંથી એક વિશાળકાય પુરુષ પ્રકટ્યો. એની કાયા અતિશય કાંતિવાળી હતી. કાળા રંગની કાયાને એણે લાલ વસ્ત્રથી વીંટાળેલી. એ સૂર્યસમાન પરમ તેજસ્વી પ્રભાવશાળી પુરુષના હાથમાં ચાંદીના ઢાંકણથી ઢાંકેલું સુવર્ણપાત્ર હતું. એમાં અલૌકિક દિવ્ય ખીર રાખેલી. એણે રાજા દશરથને પોતાનો પરિચય કરાવતાં કહ્યું કે હું પ્રજાપતિલોક માંથી પ્રજાપતિના આદેશાનુસાર આવ્યો છું. આ દેવતાઓની બનાવેલી, ધન અને આરોગ્યની અભિવૃદ્ધિ કરનારી, પુત્રોને પ્રદાન કરવાની શક્તિશાળી ખીર છે. તે તમારી પત્નીઓને ખવડાવી દો. તેથી તમારી ઈચ્છા પ્રમાણએ તે સંતાનવતી થશે.

રાજા દશરથે એ દૈવી પુરુષને પરમપૂજ્યભાવે પ્રણામ કરીને એ ખીરનું પાત્ર ગ્રહણ કર્યું. એમની પ્રસન્નતાનો પાર રહ્યો નહિ. જાણે કે નિર્ધનને ધન મળી ગયું. ક્ષુધાર્તને અન્ન તથા તૃષાર્તને પાણી !

પ્રજાપતિલોકમાંથી પધારેલો પ્રતાપી પુરુષ અદ્રશ્ય થઈ ગયો.

રાજા દશરથે એ ખીરનો અર્ધ ભાગ કૌશલ્યાને આપ્યો અને અડધાનો અર્ધ ભાગ સુમિત્રાને. એ પછી શેષ ભાગમાંથી એક



અંશ કૈકેયીને અને બીજો અંશ ફરી પાછો સુમિત્રાને અર્પણ કર્યો.

એવી રીતે રામ, લક્ષ્મણ, ભરત તથા શત્રુઘ્નના પ્રાકટ્યની પૂર્વભૂમિકા તૈયાર થઈ બ્રહ્માના આદેશાનુસાર દેવતાઓ પણ પૃથ્વી પર પૃથક્ રીતે પ્રકટવા તૈયાર થયા.

મહર્ષિ વાલ્મીકિનું એ આલેખન આધુનિક સમયમાં શ્વાસ લેનારા લોકોને આશ્ચર્યકારક લાગશે. યજ્ઞકુંડમાં આપોઆપ અગ્નિનું પ્રાકટ્ય થતું અને દૈવી મહાપુરુષો પણ પ્રાદુર્ભાવ પામતા. એ વખતનાં યજ્ઞાનુષ્ઠાનો એવાં અલૌકિક હતાં. આજે એવાં અસાધારણ અનુભવોવાળાં અલૌકિક યજ્ઞાનુષ્ઠાનો નથી થતાં એટલા માટે જ અતીતકાળનાં એ યજ્ઞાનુષ્ઠાનોને અને એવા અનુભવોને અસત્ય, અતિશયોક્તિયુક્ત કે કાલ્પનિક ના કહી શકાય.

રામાવતારની એવી પૂર્વભૂમિકાનું વર્ણન (એક અથવા બીજી રીતે) તુલસીકૃત રામાયણમાં પણ કરેલું છે. એમાં રાવણની તપસ્યા તથા વરપ્રાપ્તિનું હૃદયંગમ રોચક વર્ણન છે.

રાવણ પૂર્વજન્મમાં પ્રતાપભાનુ નામનો રાજા હતો. પુલત્સ્ય ઋષિના પાવન કુળમાં પેદા થયો હોવા છતાં એ શાપને લીધે મલિન મનવાળો તથા કુકર્મપરાયણ રાક્ષસ જેવો બનેલો. પૂર્વજન્મનો એનો અરિમર્દન નામનો નાનો ભાઈ કુંભકર્ણ થઈને જન્મ્યો. અને ધર્મમાં રુચિ રાખનારો મંત્રી વિભીષણ થયો. એ ત્રણે બંધુઓના એકાંત તીવ્ર તપથી બ્રહ્માજી પ્રસન્ન થઈને એમની આગળ પ્રકટ થયા. એમણે ત્રણેને વરદાન માગવા માટે કહ્યું. ત્રણે હતા તો ભાઈઓ. પરંતુ એમની બુદ્ધિ તથા પ્રકૃતિ પૃથક હતી. એટલે એમણે વિવિધ રીતે માગણી કરી. રાવણને મરવાનું જરાપણ નહોતું ગમતું. એની આકાંક્ષા અનંત કાળ સુધી

અમર રહેવાની હતી. એટલે એણે જણાવ્યું :

હમ કાહૂકે મરહિં ન મારેં

બાનર મનુજ જાતિ દુઈ બારેં.

વાનર અને મનુષ્યજાતિના જીવો સિવાય હું કોઈનાથી મરું નહિ.

રાવણને પોતાની શક્તિનો ઘણો જ ઘમંડ હતો. મનુષ્યોને તથા વાનરોને એ તદ્દન ક્ષુદ્ર સમજતો. દેવતાઓની વિસાત પણ એને મન કશી જ નહોતી તો પછી માનવોનું ને વાનરોનું કહેવું શું ? એમનો ભય એને લેશપણ નહતો લાગતો. એટલે જ એણે એવું વરદાન માગ્યું. બ્રહ્માએ એના એ વરદાનને માન્ય રાખ્યું ને તથાસ્તુ કહ્યું એથી એને અપાર આનંદ થયો અને તપની સાર્થકતા લાગી. પરંતુ એને અજ્ઞાનને લીધે સમજાયું નહિ કે પોતાના જ મુખથી એણે માનવો અથવા વાનરોથી મળતું મૃત્યુ માગી લીધું. કોઈ માનવ માગે કે હું પાણીમાં ડૂબી નેના મરું પરંતુ એ માગણીને મંજૂર રાખવામાં આવે તોપણ એનો અર્થ એવો તો ના જ થાય કે એ બીજી રીતે અને કદાપિ મરશે જ નહિ. રાવણના સંબંધમાં પણ એવું જ બન્યું. એણે મૃત્યુ તો માગી જ લીધું. અમરત્વ ના માગ્યું. એનું નામ ભગવાનની લીલા કે માયા. ભગવાન એને મારવા માગતા'તા પછી એ કેવી રીતે બચી શકે ? અમૃતત્વનું વરદાન કેવી રીતે મળી શકે ? એમની શક્તિએ જ એની અંદર મિથ્યાભિમાનને જગાવીને એવું અધૂરું વિપરીત વરદાન મંગાવ્યું.

રાવણ મરણથી શા માટે ડરતો હતો ? દુર્જનને મરણનો ડર લાગે છે; સજ્જનને નથી લાગતો. સજ્જન સદા નિર્ભય હોય છે; દુર્જન ડગલે ને પગલે ડરતો ફરે છે. વરદાન માગવાનો



અનોખો અવસર આવ્યો ત્યારે રાવણે જીવનની ઉજ્જવળતા ના માગી. ઉત્તમોત્તમ અને સેવાપરાયણ જીવન જીવવાનું વરદાન માગ્યું હોત તો એનું જીવન તથા શરીરધારણ સફળ બની જાત પરંતુ એ અવસરનો ઉચિત લાભ એનાથી ના ઉઠાવી શકાયો.

કુંભકર્ણ પાસે પહોંચીને બ્રહ્માએ એને પણ વરદાન માગવા કહ્યું. એ રોજરોજ આહાર કરે તો સંસાર ઉજ્જડ બને. વળી રાવણનું અને એનું સામર્થ્ય ભેગું થાય અથવા રાવણને એનો સક્રિય સાથ કે સહયોગ મળે તો પૃથ્વીની પીડા અનેકગણી વધી જાય. એટલે એની મતિને એમણે ફેરવી નાખી. પરિણામે એણે છ મહિનાની નિદ્રા માગી.

દિવસ દરમિયાન દુનિયામાં આટલા બધા જાતજાતના અનર્થો થાય છે તો રાત પડતી જ ના હોત તો એ અનર્થો કેટલા બધા વધી જાત ? દુનિયાની દશા કેટલી બધી કરુણ થાત ? સારું છે કે રાત પડે છે ને મોટા ભાગના માનવો ઊંઘી જાય છે. તોપણ કેટલાક જાગે છે પણ ખરા. અને જાગનારા સઘળા સત્કર્મો કરે છે એવું થોડું જ છે ? એટલે તો દુનિયામાં રાતના સમય દરમિયાન પણ આટલા બધા અપરાધો થાય છે કુંભકર્ણ જો છ મહિના જાગતો હોત તો રાવણ સાથેનો એનો આતંક વધી જાત. એટલે વરદાન માગતી વખતે એની બુદ્ધિ બદલાઈ ગઈ.

હવે આવ્યો વિભીષણનો વારો. વિભીષણનું જીવન સત્ત્વગુણી, સંયમી અને સાત્ત્વિક હતું એના અંતરમાં ભગવાનની ભક્તિ ભરેલી. ભગવાનની ભક્તિથી ભરપૂર અંતરવાળો માનવ બીજું શું માગે ? કાંતો ભગવાનને માગે અથવા ભગવાનની એકનિષ્ઠ ભક્તિને માગે. વિષયોમાં એનું મન જ લાગતું ના હોય, વિષયો એને અસાર અને અશાશ્વત

અથવા અનર્થકારક લાગતા હોય, એટલે એ વિષયોની વાસના રાખે જ નહિ ને માગણી પણ ના કરે. એણે ભગવાનના ચરણકમળનો અમલ અનુરાગ માગ્યો. એ એને પ્રાપ્ત થયો. જીવનું સાચું કલ્યાણ ભગવાનની ભક્તિમાં જ રહેલું છે એનું સાચું સાર્થક્ય ભગવાનનો સનાતન સુખશાંતિદાયક સંબંધ બાંધવામાં, ભગવાનને ભજવામાં તેમજ ભગવાનની કૃપા મેળવવામાં જ સમાયેલું છે. જીવ એ હકીકતનું વિસ્મરણ કરીને ભળતે માર્ગે જાય છે ને લૌકિક લાલસાથી પ્રેરાઈને વિષયોમાં આસક્ત થાય છે માટે જ અશાંતિને અનુભવે છે કે બદ્ધ તથા દુઃખી બને છે.

રાવણ તથા કુંભકર્ણના સંયુક્ત સામર્થ્યથી સૃષ્ટિમાં આતંકનું સામ્રાજ્ય છવાઈ ગયું સર્વત્ર અશાંતિ ફરી વળી. દેવોના દુઃખનો પાર રહ્યો નહિ રાવણે પોતાના બાહુબળની કસોટી કરવા માટે કૈલાસ પર્વતને ઉપાડ્યો અને સામર્થ્યને સફળ સમજીને આનંદનો અનુભવ કર્યો. પોતાની પ્રચંડ શક્તિથી એણે સકળ વિશ્વને વશ કરી, જીતીને એના પર આધિપત્ય જમાવ્યું. ચારેકોર રાક્ષસોનો ઉપદ્રવ વધી ગયો.

એ રાક્ષસોમાં ભગવાનની ભક્તિનો છાંટો પણ નહતો. જ્ઞાન, તપ કે યજ્ઞની પ્રીતિ નહતી. વેદપુરાણાદિ ધર્મગ્રંથોને એ સ્વપ્ને પણ નહોતા સાંભળતા. એમને લીધે સમાજમાં સર્વત્ર ચોર, જુગારી, શઠ, પરધનપરાયણ, પરસ્ત્રીરત લંપટ લોકો વધી ગયા. એ લોકો માતાપિતાની સેવા નહોતા કરતા. એમને કષ્ટ પહોંચાડતા. દેવતાઓને માનતા નહિ, અથવા એમની અવજ્ઞા કરતા.

જેમના જીવનમાં એવાં લક્ષણો જોવા મળે તે સૌને રાક્ષસો



સમજી લેવા નિશાચર અથવા અસુર તરીકે ઓળખી લેવા. એમને દાનવ પણ કહી શકાય. એમની અંદરનું દેવત્વ દબાઈ ગયું હોય છે. કોઈની અંદર મરવા પડ્યું કે મરી પરવાર્યું હોય છે. એવા કુવિચારવાળા, કુમાર્ગગામી, કુકર્મપરાયણ માનવરાક્ષસોની અછત આજે પણ નથી. જે બીજાને રંજાડે, રડાવે, ને મહામૂલા માનવજીવનને માયારંગે રંગીને રગદોળી નાખે, રસકસ વગરનું કરી દે, તે રાક્ષસ. ડરાવે, દબાવે, દ્રોહ કરે, નીતિમત્તામાંથી ડગે ને ડગાવે અને દ્વેષ કરે તે દાનવ. જેનામાં શુભનો છાંટો નથી અને અશુભનો અતિરેક છે એ અસુર. અવિદ્યાની મોહભરેલી રાત્રીમાં જે રમે છે ને કુકર્મો કરે છે તે નિશાચર.

એવા નિશાચરોથી પૃથ્વી પીડા પામી એણે ગાયનું રૂપ ધારીને દેવોને તથા ઋષિમુનિઓને પોતાની કરુણ કથા કહી સંભળાવી. એ સઘળા પણ સુખાનુભવ નહોતા કરતા. એને આશ્વાસન આપીને એની સાથે એ બધા બ્રહ્માની પાસે પહોંચ્યા. એમનાં આર્ત અંતરને પરમાત્માની પરમશક્તિએ આકાશવાણી દ્વારા શાંતિ આપી. એવી રીતે શ્રીરામના પ્રાકટ્યની પૂર્વભૂમિકા પૂરી થઈ.

ભગવાન રામના પૃથ્વીપરના પ્રાકટ્યનાં કારણોની પરંપરામાં એક બીજા કારણનો ઉલ્લેખ કરતાં સંતશિરોમણિ તુલસીદાસે મનુ અને શતરૂપાને ભગવાન દ્વારા અપાયેલા દૈવી વરદાનની કથા કહી બતાવી છે. મનુ મહારાજે જીવનની ઉત્તરાવસ્થામાં પોતાના પુત્ર ઉત્તાનપાદને રાજ્યધુરા સુપ્રત કરીને વનમાં પ્રસ્થાન કર્યું. દ્વાદશાક્ષર મંત્રનો જપ કરતાં જુદાંજુદાં તીર્થોની યાત્રાનો આનંદ લેતા મનને તીવ્ર તપશ્ચર્યામાં પરોવ્યું.

વરસો સુધી પરમાત્માના પ્રત્યક્ષ દર્શનની અભિલાષાથી પ્રેરાઈને તપ કર્યું ત્યારે એક ધન્ય દિવસે આકાશવાણી થઈ કે વરદાન માગો. મનુ મહારાજે દિવ્ય સાકાર સ્વરૂપના દર્શનની ઇચ્છા દર્શાવી ભગવાન દિવ્ય સ્વરૂપ સાથે એમની આગળ પ્રકટ થયા એટલે એમને આનંદ થયો. ભગવાને ફરીવાર વરદાન માગવા જણાવ્યું એટલે એમના જેવા પુત્રની માગણી કરી. શતરૂપાની પણ એવી જ ઇચ્છા જાણીને ભગવાને એમની ઇચ્છાને માન્ય રાખી અને કહ્યું કે શરીરને છોડ્યા પછી તમે બંને થોડાક સમય સુધી ઈન્દ્રપુરીમાં વાસ કરશો. ત્યાં ભાતભાતના ભોગોને ભોગવ્યા પછી અયોધ્યાનાં રાજારાણી બનશો ત્યારે સ્વેચ્છાથી માનવશરીરને ધારણ કરીને હું તમારો પુત્ર થઈશ. જગતને જન્માવનારી મારી આદિશક્તિ માયાનું પણ ત્યારે પ્રાકટ્ય થશે. એટલું કહીને ભગવાન અદૃશ્ય થઈ ગયા.

ભાગવતમાં ભગવાન શ્રીકૃષ્ણે પુત્રરૂપે પ્રકટતાં પહેલાં વસુદેવ અને દેવકીને એમણે જન્માંતરમાં કરેલા પ્રખર તપ વિશે તથા પોતે તેમને પુત્રરૂપે પ્રકટવાના આપેલા વરદાન વિશે કહી બતાવ્યું છે એ કથન સાથે આ વર્ણન અદ્‌ભુત રીતે મેળ ખાય છે. ભાગવતના એ પ્રસંગસાથે રામાયણના આ વર્ણનને સરખાવવા જેવું છે. આવા કથાપ્રસંગો પરથી સિદ્ધ થાય છે કે રામાયણ પણ ભાગવત અને એવા બીજા ગ્રંથોની જેમ જન્માંતરમાં માને છે. જન્માંતરનો વિશ્વાસ ભારતીય શાસ્ત્રો તથા સત્પુરુષોનો અમર, અખંડ અને આદિ વિશ્વાસ છે એવું સહેલાઈથી કહી શકાય.

રામના પ્રાકટ્યની એ પૂર્વકથાની સાથે તુલસીકૃત રામાયણમાં શિવ તથા પાર્વતીનો કથાપ્રસંગ પણ વર્ણવાયેલો છે રાવણે કપટવેશ ધારણ કરીને પંચવટીમાંથી સીતાનું હરણ કર્યું



ત્યારે રામ વિરહાતુર બનીને લક્ષ્મણ સાથે સ્વાભાવિક રીતે જ સીતાની શોધ કરવા ચાલી નીકળ્યા. એમના એ વિરહાતુર સ્વરૂપને પાર્વતી સાથે વનમાં વિચરતા ભગવાન શંકરે નિહાળ્યું. એમણે 'જય સચ્ચિદાનંદ જગપાવન' કહીને રોમાંચિત બનતાં એમના તરફ અવારનવાર, અત્યંત અનુરાગપૂર્વક, અવલોકવા માંડ્યું. એમની એવી દશાને દેખીને પાર્વતીને શંકા થવા લાગી કે શંકર તો જગતવંદ્ય છે, જગદીશ્વર છે, એમને મુનિવરો, દેવો, મનુષ્યો અને બીજા બધા જ પગે લાગે છે. એમણે સચ્ચિદાનંદ પરમાત્મા કહીને રાજા દશરથના પુત્રને પ્રણામ કર્યા અને એમના સ્વરૂપદર્શનથી મંત્રમુગ્ધ બની ગયા એ કેટલું બધું આશ્ચર્યકારક છે ? વ્યાપક, વિરજ, અજ, અકળ, અદ્વૈત એકમાત્ર પરબ્રહ્મ પરમાત્મા શરીરધારી મનુષ્ય હોઈ શકે ? ભગવાન વિષ્ણુએ દેવોના કલ્યાણ માટે મનુષ્યશરીર ધાર્યું હોય તો પણ શંકરની પેઠે તે પણ સર્વજ્ઞ છે. એ અજ્ઞાનીની પેઠે સ્ત્રીની શોધમાં ફરે ખરા ?

પાર્વતીની એ શંકાને પોતાની સવિશેષ શક્તિથી સમજી જઈને શંકરે જણાવ્યું કે વેદાદિમાં વર્ણવાયેલા સિદ્ધ ઋષિમુનિયોગી દ્વારા ધ્યાન કરાતા પરબ્રહ્મ પરમાત્મા પોતે જ પોતાના ભક્તોના મંગલ માટે સ્વેચ્છાથી રામરૂપે પ્રકટ થયા છે. તોપણ સતીની શંકા શમી નહિ. ત્યારે શંકરે એને રામની પરીક્ષા કરવા કહ્યું.

સતીએ વારંવાર વિચારીને સીતાનું સ્વરૂપ ધારણ કર્યું. એ રામના માર્ગમાં જઈને ઊભી રહી. લક્ષ્મણને સતીએ સીતાનું સ્વરૂપ ધાર્યું એથી આશ્ચર્ય થયું. રામ અંતર્યામી હોવાથી સતીના સ્વાંગને સમજી ગયા. એમણે એની પાસે પહોંચીને પ્રણામ કરીને

પૂછ્યું કે શંકર કયાં છે, અને અરણ્યમાં આવી રીતે એકલાં કેમ ફરી રહ્યાં છો ?

પાર્વતીને એ માર્મિક મર્મભેદી શબ્દો સાંભળીને ખૂબ જ સંકોચ થયો. એના દુઃખનો ને પશ્ચાત્તાપનો પાર ના રહ્યો. માર્ગમાં પાછા ફરતી વખતે એણે પાછળ દૃષ્ટિપાત કરીને જોયું તો રામ, લક્ષ્મણ અને સીતા દેખાયાં. જ્યાં જ્યાં દૃષ્ટિ પડી ત્યાં ત્યાં રામ દેખાયા; અસંખ્ય બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનાં દર્શન થયાં. દેવતાઓ વિવિધ રીતે રામની પૂજા કરતા જણાયા, પરંતુ રામ એક જ હતા. એવા અભૂતપૂર્વ દર્શનથી આશ્ચર્યચકિત અને ભયભીત બનેલી પાર્વતી આંખ મીંચીને માર્ગમાં બેસી ગઈ. આંખને ઉઘાડીને પુનઃ જોયું તો કશું જ ના દેખાયું.

ભગવાન શંકરે એને કેવી રીતે પરીક્ષા લીધી તે વિસ્તારથી જણાવવા કહ્યું તો એણે એમનાથી સઘળી હકીકત છૂપાવવાના આશયથી જણાવ્યું કે મેં કોઈ પ્રકારની પરીક્ષા નથી લીધી. તમારી પેઠે પ્રણામ જ કર્યા. મારા મનમાં શ્રદ્ધા છે કે તમારું કથન કદી અસત્ય હોય જ નહિ.

શંકરે ધ્યાન ધરીને સતીના સમસ્ત ચરિત્રનું નિરીક્ષણ કર્યું. એણે સીતાનો સ્વાંગ ધારણ કર્યો એથી એમને શોક થયો. એમણે સંકલ્પ કર્યો કે આ સતીશરીરનો સ્પર્શ ના કરવો. કૈલાસ પર્વતના પ્રશાંત પ્રદેશમાં પહોંચીને એ સુદીર્ઘ સમાધિમાં બેસી ગયા.

ભગવાન રામની અસાધારણતા અથવા લોકોત્તરતાને દર્શાવવા તુલસીદાસજીએ પોતાના રામચરિતમાનસમાં આ કથાને સરસ રીતે સુગ્રથિત કરી છે. કવિની કલ્પના અત્યંત આકર્ષક અથવા રોચક છે એની ના નથી. પરંતુ આ કથાપ્રસંગમાં રામના મહિમાનું પ્રતિપાદન કરવાનો પ્રામાણિક



પ્રેમપૂર્વકનો પૂજ્યભાવયુક્ત પ્રયત્ન કરવા જતાં જગજ્જનની સચ્ચિદાનંદસ્વરૂપા આદ્યશક્તિ માતા પાર્વતીનું પાત્રાલેખન પાંગળું બન્યું છે અને એના વિશદ વિરાટ વ્યક્તિત્વને થોડોક અન્યાય થયો છે, અજ્ઞાત રીતે પણ અન્યાય થયો છે; એવું તટસ્થ રીતે વિચારતાં લાગ્યા વિના નથી રહેતું. જગદંબા પાર્વતી પોતે શંકરની પેઠે સર્વજ્ઞ છે. એવો છદ્મવેશ ધારણ કરીને શંકરના શબ્દોમાં અશ્રદ્ધા રાખીને રામની પરીક્ષા કરવા જાય એ વાત કથાની દ્રષ્ટિએ સારી લાગવા છતાં વાસ્તવિકતાની દૃષ્ટિએ એટલી વિશ્વસનીય નથી લાગતી. એમાં પણ શંકરના પૂછવાથી પાર્વતી પોતાની પરીક્ષાની વાત એમનાથી અસત્યભાષણ કરીને છૂપાવે છે એ હકીકત પાર્વતીના પવિત્ર પ્રકાશવાન પ્રતાપી પાત્રને એકદમ ઝાંખું કરીને એક ક્ષતિભરેલી સર્વસાધારણ સ્ત્રીની કક્ષામાં મૂકી દે છે. રામાનુરાગી ભક્તકવિને આનો ખ્યાલ નથી આવ્યો. એમને શંકર તથા પાર્વતીને માટે પરમપ્રેમ તથા પૂજ્યભાવ છે. રામચરિતમાનસના આરંભમાં જ બીજા શ્લોકમાં એ બંનેને વંદન કરતાં એમણે સુંદર રીતે ગાયું છે કે

भवानीशंकरौ वंदे श्रद्धाविश्वासरुपिणौ ।
याभ्यां विना न पश्यन्ति सिद्धाः स्वान्तःस्थमीश्वरम् ॥

‘શ્રદ્ધા તથા વિશ્વાસરૂપે રહેલાં પાર્વતી અને શંકરને વંદું છું એમના અનુગ્રહ વિના સિદ્ધપુરુષો પોતાના હૃદયમાં રહેલા ઈશ્વરનો સાક્ષાત્કાર નથી કરી શકતા.’

એવી જગદંબાને એક સામાન્ય કક્ષાની સ્ત્રી તરીકે અંકિત કરવાની ભૂલ એ જાણી જોઈને કદાપિ ના કરે. સીતાના સ્વયંવર પહેલાં એમણે સીતા પાસે એની પ્રતિમાની પૂજા તથા પ્રશસ્તિ કરાવી છે અને એની દ્વારા સીતાને આશીર્વાદ અપાવ્યા છે !

પરમાત્મા પૃથ્વી પર માનવતનુને ધારીને પ્રકટવા માગે તો એમને કોણ અટકાવી શકે તેમ છે ? એમની વચ્ચે કોણ આવી શકે ? એમને પ્રકટવું જ હોય તો એવા પ્રાકટ્યને માટે બીજા બાહ્ય નિમિત્તની કે કારણની અનિવાર્ય આવશ્યકતા છે એવું થોડું જ છે ? એ તો સર્વશક્તિમાન છે. જે ધારે તે, ધારે ત્યારે, ધારે તેવી રીતે, કરી શકે. વેદ કહે છે કે એમણે ઈચ્છા કરી, સંકલ્પ કર્યો, કે એકમાંથી અનેક બનું. એ ઈચ્છાનું કે સંકલ્પનું કારણ ? કારણ કશું જ નહિ. એ સ્વતંત્ર હોવાથી એમની સ્વતંત્ર ઈચ્છા એ જ કારણ. વસ્તુસ્થિતિ એવી હોવા છતાં પણ એની પાછળ કેટલીકવાર કોઈક નાનુંમોટું, સાધારણ અથવા અસાધારણ કારણ કામ કરી જાય છે. કોઈને આપેલું વરદાન, કોઈ દ્વારા અપાયેલો શાપ, દુષ્ટદમન, ભક્તરક્ષણ ધર્મસ્થાપન કે અધર્મનું નિવારણ. રામાયણમાં મહર્ષિ વાલ્મીકિએ અને તુલસીદાસજીએ કેટલાંક કારણોનો ઉલ્લેખ કર્યો છે તે ઠીક જ થયું છે એ કારણો પ્રેરણાત્મક તથા રસપ્રદ છે.

શ્રીરામને ઈશ્વરના અવતાર તરીકે માનવાને બદલે એમના સમગ્ર જીવનનું મૂલ્યાંકન એમને માનવ અથવા મહામાનવ માનીને કરીએ તો પણ એમના પ્રત્યે પુષ્કળ પ્રેમ થાય છે, પૂજ્યભાવ જાગે છે, અને એમના જ્યોતિર્મય જીવનમાંથી ઉત્તમોત્તમ પ્રેરણાની પ્રાપ્તિ સહજ બને છે. રામ અને કૃષ્ણ બંનેના સંબંધમાં એ હકીકત સાચી ઠરે છે. આપણે ત્યાં વિચારકોનો એક વર્ગ એવો છે જે જણાવે છે કે રામ અને કૃષ્ણ ઈશ્વરાવતાર છે એવું કહીને ભારતની પ્રજાને સંમોહિત કરવામાં તથા ખોટે રસ્તે વાળવામાં આવી છે; એમનાં મંદિરો બાંધીને એમની લાગણીપ્રધાનતાનો લાભ લેવાયો છે; પરંતુ એમનું કથન બરાબર નથી. ભારતની પ્રજાને કોઈએ સંમોહિત નથી કરી કે



એની લાગણીપ્રધાનતાનો લાભ કે ગેરલાભ લઈને ખોટે રસ્તે નથી વાળી. મંદિરો તો એણે પોતે એના પથદર્શક કે જ્યોતિર્ધર જેવા મહાપુરુષોને અંજલિ આપવા, એમની જીવનોપયોગી પાવન સંસ્મૃતિને સાચવી રાખવા, સ્વેચ્છાથી કૃતજ્ઞતાપૂર્વક, પ્રેમભાવને પ્રકટાવવા માટે બાંધ્યાં છે. એમનાં જીવન એમને એટલાં બધાં ઉત્તમ, આદર્શ અને પ્રેરણાપ્રદાયક લાગ્યાં છે કે વરસો વીતવા છતાં એ એમને આજે પણ નથી ભૂલી. એ એમને મહામાનવ તો માને જ છે, પરંતુ પોતાની અસાધારણ શ્રદ્ધાભક્તિને ને પૂજ્યભાવનાને પ્રકટ કરવા એમને ઈશ્વરાવતાર માનીને પૂજતી હોય તો એમાં કશું ખોટું નથી. ભગવાન બુદ્ધને, મહાવીરને, ઈશુને, દત્તાત્રેયને, હનુમાનને ને જગદંબાને પણ ઈશ્વરમય માનીને એમનાં મંદિરો કયાં નથી બાંધવામાં આવ્યાં ?

કેટલાક લોકો જણાવે છે કે રામને ઈશ્વર તરીકે માનવાથી એટલી બધી પ્રેરણા નથી મળતી. કારણ કે એ અવસ્થામાં માનવો માને છે કે એ તો ઈશ્વર અથવા ઈશ્વરાવતાર હતા તેથી અહંતા, મમતા, આસક્તિ તેમજ રાગદ્વેષથી રહિત રહી શક્યા આપણા જેવા સાધારણ માનવોથી કાંઈ એવી રીતે રહી શકાય ? એમને માનવ તરીકે માનવાથી એવો વિચાર નથી આવતો અને એમના જેવા ગુણોને કેળવવાનું મન થાય છે. એમ થાય છે કે એમના જેવા પુરુષની પેઠે આપણને પણ આપત્તિ આવી શકે છે. આપણે એમાંથી સંભાળપૂર્વક રસ્તો કરવો જોઈએ. પરંતુ જે એમને ઈશ્વર કે ઈશ્વરાવતાર તરીકે માને છે તે પણ એવું સમજી શકે છે કે એમના જેવાને આટલા બધા શુદ્ધ, સંયમી, સ્વાર્થ રહિત, સેવાપરાયણ રહેવું પડ્યું તો આપણે તો રહેવું જ

જોઈએ. એમના જેવાને આપત્તિ આવી તો આપણને તો આવે જ એમાં નવાઈ શી ? દુઃખથી એ ડરી કે ડગી અને વિપથગામી ના થયા એમ આપણે પણ ગમે તેટલું દુઃખ પડે કે ગમે તેટલી પ્રતિકૂળતાઓ આવે તોપણ ડરીએ, ડગીએ કે આપણા અપનાવેલા જીવનવિકાસના માર્ગને મૂકી દઈને વિપથગામી બનીએ નહિ એનું ધ્યાન રાખીએ. ન્યાય, નીતિ તથા સત્યના પાવન પથ પર એમની પેઠે પગલાં ભરીએ, એમને ગમે તે પ્રકારે માનીએ તોપણ એમના જીવનના શ્રવણથી તથા ચિંતનમનનથી સર્વ પ્રકારે લાભ જ થાય છે. એમને કેવી રીતે માનવા તે મુખ્યત્વે માનવની શ્રદ્ધાભક્તિનો સવાલ છે. મહર્ષિ વાલ્મીકિ તથા તુલસીદાસજી એમને પરમાત્માના પ્રતીક, પ્રતિનિધિ કે અવતાર માને છે. તો પણ એ એક મહામાનવ તો રહે છે જ અને એ જ રીતે જીવે છે. આપણે એમને ગમે તેવી રીતે માનીએ ને મૂલવીએ તોપણ એમની જીવનકથાનું શ્રવણમનન આપણે માટે કલ્યાણકારક જ થવાનું. ગોળ છે જ ગળ્યો. પછી એની જાતને જાણીને ખાવ તોપણ ગળ્યો લાગે ને ના જાણીને ખાવ તોપણ ગળ્યો લાગે. રામાયણના રચયિતા પ્રાતઃસ્મરણીય પરમપ્રતાપી મહાપુરુષોએ પોતાની સ્વાનુભવસિદ્ધ દૃષ્ટિને રજૂ કરી છે. બીજાને જે દૃષ્ટિથી જોવું હોય તે દૃષ્ટિથી ભલે જુએ. રામ તથા રામચરિત કોઈયે દૃષ્ટિથી જોવામાં આવશે તોપણ પ્રેરક અને આશીર્વાદરૂપ થવાનું એવો એમનો વિશ્વાસ છે. અને કોઈ પ્રકારનો ખોટો હઠાગ્રહ તો એવા મહાત્મા પુરુષોમાં હોય જ કેવી રીતે ? પોતાની દૃષ્ટિને બીજા પર લાદવાની લાલસા તો એમનામાં હોય જ નહિ.

**–શ્રી યોગેશ્વરજી**



# ।। જીવનયાત્રા ।।

માનવજીવન કેટલું બધું મૂલ્યવાન, કેટલું બધું અનેરું, આશીર્વાદરૂપ છે ? મહીમંડળની એ મોટામાં મોટી મૂડી છે. એના રૂપમાં ઈશ્વરે માનવ પર એમના અસાધારણ અનુગ્રહની વર્ષા વરસાવી છે. છતાં પણ એનો મહિમા બહુ ઓછા માનવો સમજે છે. માનવસમાજનો એક વર્ગ એવો પણ છે જે જીવનને વેઠ સમજે છે, ઉપાધિ કે વળગાડ સમજે છે, બોજો માને છે, અભિશાપમાં ખપાવે છે. એ જીવે છે ખરા પણ ના-છૂટકે, કોઈ બીજો વિકલ્પ નથી દેખાતો માટે જીવે છે. જીવનને દોષ દેતા, ફરિયાદ કરતાં, બબડાટ કરતાં, વિષના કટોરાને પીતા હોય તેમ ક્લેશપૂર્વક જીવે છે. એ સંદર્ભમાં ભગવદ્‌ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે જીવન વિશે જે કાંઈ કહ્યું છે તે ખાસ સમજવા ને યાદ રાખવા જેવું છે.

આપણે ત્યાં સફર શબ્દ છે, પ્રવાસ શબ્દ છે. મુસાફરી શબ્દ પણ વપરાય છે. ભગવાને ગીતામાં એમાંથી કોઈયે શબ્દને વાપરવાને બદલે એક અભિનવ છતાં સરસ, સુમધુર, સારગર્ભિત શબ્દનો પ્રયોગ કર્યો છે-એ શબ્દ છે યાત્રા. યાત્રા શબ્દમાં જે ધ્વનિ છે, વ્યંજના છે, એની પાછળ જે પવિત્રતા છે, ભાવમયતા, મંગલકારકતા છે તે સફર, પ્રવાસ, પરિભ્રમણ, પર્યટન, મુસાફરી જેવા બીજા કોઈયે શબ્દમાં નથી. પ્રવાસ, સફર, પર્યટન ગમે તેવા સ્થળનું હોઈ શકે પરંતુ યાત્રા તો પવિત્ર સ્થાનની જ હોય. પવિત્રતાથી ભરેલી પ્રવૃત્તિ જ હોય. જીવનયાત્રા, શરીરયાત્રા, ગીતામાં કહ્યું છે;

'शरीरयात्रापि-व ते न प्रसिध्येकर्मण: ।' તું કર્મ નહિ કરે તો તારી શરીરયાત્રાની પ્રસિદ્ધિ નહિ થાય. સાર્થકતા નહિ સધાય.

યાત્રા શબ્દ સૂચવે છે કે જીવન આશીર્વાદરૂપ છે. મંગલમય છે. નિરર્થક નથી પરંતુ પરમોચ્ચ ધ્યેયથી સંપન્ન છે. એનું અલૌકિક ધ્યેય છે. એ ધ્યેયની પૂર્તિના પ્રયત્નો થવા જોઈએ. એ ધ્યેયની દિશામાં જ ઉત્તરોત્તર આગળ વધવું જોઈએ. યાત્રાના માર્ગમાં વચ્ચે અનેક તીર્થો આવે, સૌંદર્યસ્થાનો મળે, ચિત્તાકર્ષક દશ્યો દેખાય, તો પણ યાત્રી એમાં આસક્તિ કરીને કાયમી મુકામ માનીને નથી બેસી રહેતો. એમને એ અવલોકે છે, એમનો આસ્વાદ લે છે, એમની વચ્ચે વચગાળાનો વિશ્રામ પણ કરે છે, પરંતુ એનું ધ્યાન પોતાના ગંતવ્યસ્થાન તરફ હોય છે. ત્યાં ના પહોંચાય ત્યાં સુધી એને ચેન નથી પડતું. શાંતિ નથી સાંપડતી. જીવનની મંગલમય મહાયાત્રા સંબંધી પણ એવું જ સમજવાનું છે. એ યાત્રામાં આવતાં અનેકવિધ દશ્યો, અનુભવાતા રસો, અને રૂપોમાં આસક્ત થવાને બદલે યાત્રાના પ્રયોજનને યાદ રાખીને એની પૂર્તિ માટે સર્વ કાંઈ કરી છૂટવું જોઈએ.

યાત્રા શબ્દમાંથી એક બીજો ધ્વનિ પણ નીકળે છે. યાત્રા દરમિયાન માર્ગમાં બીજા કેટલાય સહયાત્રી મળે છે. એમનામાંના કેટલાકની સાથે વાતો થાય છે. સ્નેહ બંધાય છે, એમને એક અથવા બીજી રીતે સહાયતા પણ પહોંચાડાય છે. યાત્રા દરમિયાન એ આનુષંગિક પ્રયોજનની પણ પૂર્તિ થાય છે.



જીવનની મહાયાત્રામાં પણ જે સહયાત્રીઓનો સમાગમ થાય, સ્નેહ સાંપડે, એમને હૂંફ આપી શકીએ, એક અથવા બીજી રીતે સહાયતા પહોંચાડી શકીએ, અને એમની યાત્રાને સરળ, સુખમય, શાંતિપ્રદ, સમુન્નત, શ્રેયસ્કર કરાવવામાં શકવર્તી સ્મરણીય ફાળો આપી શકીએ તો એથી અધિક ઉત્તમ બીજું શું હોઈ શકે ? આપણી પોતાની જીવનયાત્રા સફળ કે સાર્થક કરવાની સાથેસાથે અન્ય અનેકની જીવનયાત્રાને પણ એવી રીતે સફળ કે સાર્થક કરી શકીએ.

યાત્રામાં જીવનોપયોગી વ્રતો પળાય છે, નિયમો લેવાય છે, ને આદતો કેળવાય છે. વ્યસનો ને દુષ્કર્મોથી દૂર રહેવાય છે. જીવનની યાત્રામાં પણ એવી રીતે તપ, વ્રત, નિયમનો આશ્રય લઈને આગળ વધીએ તો એના સાચા ફળની પ્રાપ્તિ થાય. એ ચિરસ્મરણીય બની જાય. આપણે માટે અને અન્યને માટે પણ.

**—શ્રી યોગેશ્વરજી**

શ્રી રમણ મહર્ષિએ સ્થૂળ દેહે ક્યારેય ક્યાંય મુસાફરી ન કરી. છતાં પૉલ બ્રન્ટન કહે છે તેમ; ઈંગ્લૅન્ડમાં તેમણે ઘણો રસ જગાડ્યો. એમણે એ બોધ આપ્યો કે સાચા મહર્ષિ એ દેહ નથી. લોકો જેનું દર્શન કરે છે એ તેમનું આંતરઅસ્તિત્વ છે. જેઓ ભારત નથી આવી શક્યા તેઓ એમ વિચારી શાતા મેળવી શકે કે તેઓ જ્યાં પણ હશે, મહર્ષિની હાજરી અનુભવી શકશે અને તેનું સત્ય પોતાના હૃદયથી પ્રમાણી શકશે.

# ॥ સ્થિતિ ॥

ભગવાન બુદ્ધ એકાંત અરણ્યમાંથી મંદ ગતિએ આગળ વધી રહેલા. એમની પાછળ પડેલા એ અરણ્યમાં વસતા દસ્યુશ્રેષ્ઠ અંગુલિમાલે એમને જોઈને બૂમ પાડી, બુદ્ધ, ઊભો રહે. ભગવાન બુદ્ધે શાંતિ તથા સ્વસ્થતાપૂર્વક ઉત્તર પૂરો પાડ્યો કે હું તો ઊભેલો જ છું. તારે ઊભા રહેવાનું બાકી છે. અંગુલિમાલે પુનઃ એવું જ કહ્યું ને બુદ્ધે એવા જ ઉદ્‌ગારો કાઢ્યા. ત્યારે અંગુલિમાલને અતિશય આશ્ચર્ય થયું. બુદ્ધની આગળ આવીને એણે પૂછ્યું કે તમે અસત્યભાષણ કરો છો ? બુદ્ધે કહ્યું : બુદ્ધ કદી અસત્ય ભાષણ નથી કરતો. અસત્યભાષણ કરે તેને બુદ્ધ ના કહેવાય. તો પછી ? તમે તો ચાલો છો, તો પણ કહો છો કે હું ઊભો છું, તો તે કેવી રીતે ?

બુદ્ધ બોલ્યા : મારું શરીર ચાલે છે પરંતુ મન નથી ચાલતું. સ્થિર છે. બોધિપ્રાપ્તિ પછી એણે વિષયોના વનમાં વિહરવાનું કે પવનલહરથી હાલતી દીપશિખાની જેમ ચલાયમાન બનવાનું છોડી દીધું છે. તું હજી વિષયોમાં, વિકારોમાં, વાસનામાં ફર્યા કરે છે. તારે તારી અંદર સ્થિતિ કરવાની બાકી છે.

ભગવાન બુદ્ધના એ શબ્દો ખૂબ જ પ્રેરક તથા જીવનોપયોગી સંદેશથી સભર છે. માનવનું મન મોટે ભાગે બહિર્મુખ બનીને ભટક્યા કરે છે. અસ્વસ્થ અને અશાંત બને છે. પદાર્થો, વિષયો, પ્રસંગો અને પરિસ્થિતિઓ એના પર પોતપોતાના સાનુકૂળ-પ્રતિકૂળ, સંમિશ્રિત પ્રભાવો પાડ્યા જ કરે છે. માનવ વાસના, વિકાર, સ્વાર્થ, અહં, મમ અને



આસક્તિનો દાસ બનીને અવનિમાં અટવાય છે. એણે આત્મસ્થ થવાની, પોતાની અંદરની દુનિયામાં ડૂબકી મારીને નિર્વિકાર, નિર્વાસનિક અવસ્થામાં આસીન થવાની, પ્રજ્ઞાસ્વરૂપ સચ્ચિદાનંદ પરબ્રહ્મ પરમાત્માનો પરિચય સાધી, પ્રેમ જગાવી, એમની સાથે અનુસંધાન સાધવાની આવશ્યકતા છે. માનવે બુદ્ધ બનવાનું છે. એટલે કે વિષયોના વાસનાયુક્ત અવિદ્યાજન્ય જગતમાંથી જાગીને આત્માના આલોકમાં પદાર્પણ કરવાનું છે. એવા પદાર્પણ પછી શરીર સંસારમાં રહેશે, વિરોધાભાસી વાતાવરણમાં કે વ્યવહારમાં રહેશે તો પણ મન ચંચળ નહિ બને, વિદ્રોહ નહિ કરે, અશાંત નહિ બને. આત્મામાં સ્થિત રહેશે. જીવનના પરમ લક્ષ્યનું કદી વિસ્મરણ નહિ થાય.

“જૈસે નાવ ફિરે ચારોં દિશ, ધ્રુવતારા પર રહત નિશાની”ની જેમ એના ચિત્તની વૃત્તિ, એની અસ્મિતા, પરમાત્માભિમુખ બનીને પરમાત્મા પ્રત્યે જ પ્રવાહિત થશે. આંખ જોશે છતાં નહિ જુએ. એટલે કે પરમાત્માને જ જોશે, કાન સાંભળશે તો પણ નહિ સાંભળે, શરીર, મન, ઈન્દ્રિયો કાર્ય કરશે તો પણ અંતરાત્મા એથી અલિપ્ત રહેશે.

પળેપળે ચંચળ ચાલે ચાલતા માનવને આત્માની અંદર સ્થિતિ કરવાની, ગીતાની પરિભાષામાં સ્થિતપ્રજ્ઞ બનવાની, ઊભા રહેવાની આવશ્યકતા છે. બીજું બધું જ ચાલતું હોય પરંતુ એની વચ્ચે માનવ અડગ રીતે ઊભો રહેતો હોય, આત્મસ્થ રહેતો હોય એથી અધિક કલ્યાણકારક બીજું શું હોઈ શકે ?

**—શ્રી યોગેશ્વરજી**

# ॥ પ્રીતમદાસનો પરચો ॥

**ચરોતર**ના સંદેસર ગામમાં રહેનારા ભક્ત કવિ પ્રીતમદાસ.

એ પ્રજ્ઞાચક્ષુ હતા એવું કહેવામાં કેવળ રૂઢ શબ્દનો પ્રયોગ જ નથી થઈ રહ્યો. પરંતુ સાચી વાત કહેવાઈ રહી છે, કારણ કે એમના અંતરચક્ષુ ઉઘડી ગયા હતા. બહારના જડ કે સ્થૂલ લોચન બંધ હોવા છતાં અને જન્મથી જ બંધ હોવા છતાં એમને ઈશ્વરની પરમ કૃપાથી દૈવી દૃષ્ટિની પ્રાપ્તિ થયેલી. યોગદર્શનમાં જેને ઋતંભરા પ્રજ્ઞા કહેવામાં આવે છે, અને જે કેવળ ઈશ્વરાનુગ્રહપ્રાપ્ત પુરુષોને પ્રાપ્ત થાય છે તેની પ્રાપ્તિ તેમને થઈ ચૂકેલી.

છતાં પણ એ રૂઢ ભાવમાં યોગી ન હતા. પરંતુ ભક્ત હતા. ભક્તિ દ્વારા એમણે ઈશ્વરનો અનુગ્રહ પ્રાપ્ત કરેલો. એમને ઈશ્વરની ઝાંખી થયેલી, ઈશ્વરના દર્શનનો આસ્વાદ મળેલો, અને એમની ઉપર ઈશ્વરની સંપૂર્ણ કૃપા થયેલી એમ કહીએ તો ચાલે.

એમનાં ભાવભક્તિથી ભરપૂર પદો ગુજરાતી સાહિત્યમાં સુપ્રસિદ્ધ છે અને અત્યંત સન્માનનીય સ્થાન ધરાવે છે તો પણ એ જેટલા મહાન કવિ હતા એથી યે મહાન ભક્ત હતા. ભક્તિ દ્વારા ઈશ્વરનો સાક્ષાત્કાર કરીને એ સિદ્ધાવસ્થાએ પહોંચ્યા હતા.

એ સિદ્ધાવસ્થાની પ્રતીતિ કરાવતા કેટલાય પ્રસંગો એમના જીવનમાં બનેલા છે. એમાંથી એક સુંદર પ્રસંગનું સ્મરણ કરી અહીં આપીએ.

કહે છે કે ઈશ્વરના પૂર્ણ કૃપાપાત્ર પ્રીતમદાસ એકવાર મુસાફરી કરવા માટે નીકળેલા.



મુસાફરી કરતાં કરતાં માર્ગમાં એમના રથની સામે કોઈ મહંતનો રથ આવતો દેખાયો.

એ મહંત કોઈક બીજા મોટા સ્થાનના મહંત હતા. એટલે એમનો રથ હાંકનારે પોતાના ગુરુને મોટા માની રથ એક તરફ પાછો હઠાવવા ના પાડી.

પરંતુ પ્રીતમદાસના શિષ્યો પણ એમ કયાં પાછા પડે એવા હતા ? એમને મન પ્રીતમદાસથી શ્રેષ્ઠ કે શક્તિશાળી સંત બીજા કોઈ નહોતા. એટલે એમણે પણ પ્રીતમદાસના રથને એક તરફ લઈને પેલા મહંતના રથને રસ્તો ના આપ્યો;

બંને રથ ત્યાં જ અટકી પડ્યા.

સામેના રથવાળા મહંતના શિષ્યો પ્રીતમદાસને માટે જેમ ફાવે તેમ બોલીને પોતાના ગુરુની વધારે પડતી પ્રશંસા કરવા લાગ્યા.

પ્રીતમદાસને થયું કે મહંત અને એમના શિષ્યમંડળના મનમાં ઘણો ઘમંડ છે. જે દૂર કરવો જોઈએ.

દૈવયોગે એ વખતે એક ઘટના બની.

એ બંનેના રથની વચ્ચેના રસ્તામાં એક મરેલું કબૂતર પડેલું હતું.

પ્રીતમદાસને એની ખબર પડી એટલે એમણે કહ્યું, 'તમારા મહંતને પોતાની શક્તિ કે યોગ્યતાનું અભિમાન હોય તો પોતાની શ્રેષ્ઠતા પુરવાર કરી બતાવવા માટે એ આ મરેલા પક્ષીને જીવન પ્રદાન કરે તો હું એમને માર્ગ આપી, સૌ પહેલાં આગળ વધવા દઉં.'

મહંતમાં એવી કોઈ શક્તિ ન હોવાથી એ કશું જ ન ન કરી શક્યા.

છેવટે પ્રીતમદાસે કહ્યું, ‘મારી અંદર પણ એવી કોઈ વિશેષ શક્તિ તો નથી. પરંતુ ઈશ્વર સર્વશક્તિમાન છે તે ધારે તે બધું કરી શકે છે, મને એમનામાં પૂરેપૂરો વિશ્વાસ છે.’

એમ કહીને એમણે મરેલા પક્ષી પર કપડું ઢાંક્યું તથા ઈશ્વરનું સ્મરણ કરીને પાણી છાંટ્યું કે તરત જ સૌના દેખતાં એક અસાધારણ આશ્ચર્ય થયું ને પક્ષી જીવંત બની પાંખો ફફડાવી ઉડી ગયું.

એ જોઈને બધા આભા બની ગયા ને પ્રીતમદાસને પગે લાગ્યા.

પ્રીતમદાસને કોઈ જાતનું અભિમાન ન હતું. મહંતના મિથ્યાભિમાનને ગાળવા માટે જ એમણે એટલી શક્તિનું પ્રદર્શન કરેલું. બાકી વ્યક્તિગત શક્તિ કે સિદ્ધિના પ્રદર્શનની લાલસા તો એમને હતી જ નહિ.

મહંતનો અહંકાર ઓગળી ગયો.

પ્રીતમદાસના રથને એમણે પોતાના રથની પહેલાં જવા દીધો.

વધુમાં એ પ્રીતમદાસના પ્રેમી તથા પ્રશંસક બની ગયા.

મોટાઈનું અભિમાન સૌને માટે ખરાબ છે. એમાં યે સંત કે મહંતે તો એથી મુક્ત જ રહેવું જોઈએ અને એની અસર નીચે કદાપિ ન આવવું જોઈએ, એવો ઉપદેશ આપીને પ્રીતમદાસે આગળ પ્રયાણ કર્યું.

ગુજરાત એમને માટે ગૌરવ લઈ શકે એવા તે સાત્ત્વિક સંત હતા.

**—શ્રી યોગેશ્વરજી**



## ।। કર્તાભાવને બદલે દ્રષ્ટાભાવ ।।

સ્વરૂપપ્રાપ્તિ વિશે તમે ઘણા ગ્રંથો, અવિરત ઉપદેશવાણી કે પ્રત્યક્ષ યા સોશિયલ મિડિયા પર પ્રવચનો સાંભળ્યાં હશે, પણ અહીં આપણે વાસ્તવિક જીવનમાં સ્વરૂપપ્રાપ્તિ માટે જરૂરી આધ્યાત્મિક પ્રયોગોનું તબક્કાવાર ચિંતન કરીએ. સામાન્ય રીતે ઉપેક્ષા અને તુચ્છકારથી જોવાતી નિદ્રાત્યાગની ઘટનામાંથી પણ સાધક ‘બોધ’ તારવે છે અને રાત્રિમાં અનુભવેલી નિદ્રાની એ શાંત અવસ્થાનું દિવસમાં રૂપાંતર કરવાનો પ્રયાસ કરે છે. એ પછી શરીર, ઈન્દ્રિય અને મનથી આત્મા ભિન્ન છે, એમ જાણીને કર્તાભાવને ત્યજી દ્રષ્ટાભાવથી જીવન ગાળવાનો પ્રયાસ કરશે.

એનો અર્થ એ નથી કે એ પોતાનાં કર્મ કે કર્તવ્યની ઉપેક્ષા કરશે, બલ્કે એના સાક્ષીભાવને કારણે બીજું સઘળું ત્યજીને એ વધુ નિષ્ઠા અને એકાગ્રતાથી એ દિશામાં કાર્ય કરશે. આપણે એ ભ્રાંત ધારણા છોડી દેવી જોઈએ કે આધ્યાત્મિક થવા માટે જીવનનાં કર્તવ્યો અને જવાબદારીઓને ઠોકરે મારવાં પડે છે. જો આધ્યાત્મિક વ્યક્તિ પોતાના વાસ્તવિક અને વ્યવહારુ જીવન પ્રત્યે ઘૃણા ધરાવશે, તો એનામાં આ જગત પ્રત્યેની ભારોભાર કટુતા જાગ્રત થશે. એ સંસારને ‘નરકની ખાણ’ માનવા લાગશે અને પોતાના વ્યવહારજીવનના સંબંધો પ્રત્યે પ્રચંડ તિરસ્કાર અને ઘોર ઉપેક્ષા દાખવશે. પરિણામે ઘણી વાર સંતો અને મહાત્માઓ સંસારી જીવોને ‘શેતાનનાં કારખાનાંનાં જીવડાંઓ’ તરીકે ઓળખાવે છે કે પછી પળેપળ પાપકર્મ કરનારા અધમ જીવો તરીકે દર્શાવે છે. એ હકીકત છે કે સાધુતા ઘણી ઊજળી બાબત છે, પરંતુ એનો અર્થ એ નથી કે જે સમાજમાંથી સાધુ

આવે છે, એ સમાજને હલકો, પાપી કે અધમ ચીતરવો. આથી સાચો સાધક તો સંતુલન સાધશે. એ પરમાત્માના પ્રેમને પામવાનો પ્રયાસ કરતો હશે, પરંતુ એના માટે માતાના વાત્સલ્યનો લેશમાત્ર તિરસ્કાર નહિ કરે. 'શ્રીમદ્ ભગવદ્ગીતા'નું એ સૂત્ર સદાય સ્મરણમાં રાખવા જેવું છે કે, 'स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।'

'પોતપોતાના કામમાં લીન રહેતો મનુષ્ય મોક્ષરૂપી, શાંતિરૂપી કે કાર્યની સફળતારૂપી સિદ્ધિ પ્રાપ્ત કરે છે.'

આમાંથી ત્રણ બાબતો પ્રગટ થાય છે. એક તો સ્વ-કર્તવ્ય કરવાની વાત. દરેકે પોતાનું કર્તવ્ય બજાવવું જોઈએ. બીજી વાત એ કે વ્યક્તિ પોતાનું કર્તવ્ય બજાવતાં બજાવતાં પણ મોક્ષસાધના કરી શકે છે. સંત કબીર શાળ ચલાવતાં ચલાવતાં પણ આત્મજ્ઞાનની ઊંચાઈએ પહોંચે છે અને શ્રીમદ્ રાજચંદ્ર હીરા-મોતીનો વેપાર કરતાં કરતાં મોક્ષસાધના કરે છે અને ત્રીજી વાત એ થઈ કે વ્યક્તિનું કર્તવ્ય અને એની આત્મસાધના એ સામસામી વિરોધી બાબત નથી. કદાચ કર્તવ્યો પૂર્ણ થયાં હોય તો એ જરૂર માત્ર આત્મસાધના કરે, પરંતુ મોક્ષસાધના માટે સ્વકર્તવ્યની ઉપેક્ષા જરૂરી નથી.

'શ્રીમદ્ ભગવદ્ગીતા'ની આ વાતમાં એ મર્મ છુપાયેલો છે કે તમે જે કાર્ય કરતા હો, તે નિષ્ઠા અને પ્રામાણિકતાથી કરો અને એથીય વિશેષ તમારા એ કામને પ્રભુમય બનાવતાં તમને આવડવું જોઈએ. એટલે કે તમારું કામ ચાલતું રહે અને છતાં આત્માનુસંધાન સહેજે અટકી જાય નહિ. આને કારણે તમને તમારા કાર્યમાં પણ વિશેષ આનંદ આવશે. એ કર્મ કરતી વખતે કર્તાભાવ નહિ હોય, દૃષ્ટાભાવ હશે. એ કાર્યમાં અહંકાર નહિ હોય, પણ લઘુતા અને વિવેક હશે. જેને પરિણામે કાર્ય એનું એ



જ રહેશે, પણ સાધકનો અભિગમ બદલાઈ જશે.

આજે સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે આધ્યાત્મિક માર્ગે પ્રગતિ સાધવા માગતા સાધકે જીવનની કોઈ ઝંઝટમાં પડવું જોઈએ નહિ. આથી કેટલાક સંતો અને વિચારકોએ સઘળાંનો ત્યાગ કરીને આધ્યાત્મિક પંથે પ્રયાણ કર્યું. પરિણામે બન્યું એવું કે કર્તવ્યના વિવેકને બદલે ત્યાગના અતિરેક તરફ સમાજ દોડી ગયો અને એનું પરિણામ શું આવ્યું ? એનું પરિણામ એ આવ્યું કે સમાજને સંતો અને મહાત્માઓ ઘણા મળ્યા, પરંતુ સમાજમાં રહીને કાર્ય કરનારા માનવીઓને સાક્ષીભાવ ન સાંપડ્યો. સમાજમાંથી સજ્જનો ઓછા થવા લાગ્યા.

વ્યક્તિ કોઈ પણ કામ કરે, પરંતુ એણે એનું આત્માનુસંધાન જાળવવું જોઈએ. જેમ કલાક-દોઢ કલાક કામ કરીને વ્યક્તિ પોતાની ખુરશી પર આરામ લે, એ રીતે સાધકે એના કામની વચ્ચે વચ્ચે આત્માનુસંધાન કરી લેવું જોઈએ. આપણે જાણીએ છીએ કે પ્રૉફેસર હોય કે મજૂર હોય, માલિક હોય કે સેવક હોય, વેપારી હોય કે કલાકાર હોય, એ બધાં પોતાનાં કામના સમયે વચ્ચે થોડો વિરામ લેતા હોય છે. શરીરનો થાક ઓછો કરતા હોય છે અને મનને થોડી મોકળાશ આપતા હોય છે. અધ્યાત્મ સાધકને માટે કાર્ય કરતી વખતે આવો આરામનો થોડો સમય જરૂરી છે, કારણ કે એ પોતાનું કામ કરતાં કરતાં વચ્ચે થોડી મિનિટ આત્માનુસંધાન સાધી લેશે. એના દેહને આરામ, મનને શાંતિ અને આત્માને આનંદ મળશે. આવી રીતે કર્તવ્ય બજાવવાની સાથોસાથ એનું સાધકત્વ અકબંધ રહેશે. આ કામમાં તમે સ્વરૂપચિંતન કરવાની પણ અનુકૂળતા મેળવી શકો છો, બે ત્રણ કલાક કાર્ય કર્યા પછી વચ્ચેના વિરામ સમયે થોડું સ્વરૂપચિંતન થઈ શકે. જરૂર પડ્યે શબાસન કે એવું કોઈ બીજું

આસન કરીને શરીરનાં અંગોને આરામ આપવાની સાથોસાથ આત્મચિંતન પણ કરી શકો.

આવી રીતે વ્યક્તિ પોતાનો દિવસ પસાર કરે તો એ કેટલો બધો આનંદમય હશે ! જીવનનાં જરૂરી એવાં કર્મ કે કર્તવ્યનો ભાવ ચાલતો હશે અને બીજી બાજુ એ પરમભાવમાં જોડાયેલો રહેશે. એને એના જીવનમાં સદાય મ્હોરાયેલી વસંતનો અનુભવ થશે. આ રીતે જીવનારો સાધક સતત આત્માનુસંધાન પર દૃષ્ટિ રાખતો હશે અને જગત આખાની ચહલપહલ વચ્ચે પોતે સ્વરૂપચિંતન કરતો હશે. વળી સ્વરૂપચિંતન કરતી વખતે પોતાના કર્તવ્યમાં થયેલી ભૂલ કે ચૂક યાદ આવે, તો એને પાછી સુધારી લેતો હોય છે. એ વિચારશે કે પોતાના કામને કારણે કોઈને હાનિ તો થઈ નથી ને ? અને જો થઈ હોય તો એની ક્ષમા માગશે.

એક અર્થમાં કહીએ તો આ જૈનદર્શનની 'પ્રતિક્રમણ'ની ક્રિયા બનશે. અહીં નિશ્ચિત સમયે પ્રતિક્રમણ નહિ, બલ્કે કલાક-બે-કલાકે સતત પ્રતિક્રમણ ચાલતું રહેશે. પોતે પાછા પગલે જઈને બનેલી ઘટનાને જોશે અને એમાં કોઈ ક્ષતિ હોય, તો એને સુધારશે. એથીય વિશેષ એ પોતાના મન સાથે વાત કરશે. આવી ભૂલ કેમ થઈ એ વિશે મન સાથે ગોષ્ઠિ કરશે. એની ચિકિત્સા કરશે અને પછી એ પોતાની ભૂલ સમજાતાં માફી તો માગશે, પણ સાથોસાથ એવી ઘટના પુનઃ બને નહિ, તે માટે મનોમન સંકલ્પ કરશે.

આનો અર્થ એ થયો કે સાધક ચોવીસે કલાક સાધનારત રહી શકે છે. પ્રાતઃકાળે જાગ્રત થાય ત્યાંથી માંડીને રાત્રે નિદ્રાધીન થાય ત્યાં સુધી એ પ્રભુમય જીવન ગાળી શકે છે અને એવા જીવનને કારણે એના વ્યવહારમાં પણ પ્રભુમયતા આવશે.



હવે જરા વાત કરી લઈએ એના સાક્ષીભાવની. એક વાર કર્તાભાવના સ્થાને દૃષ્ટાભાવ આવી જાય તો જુઓ, જીવનમાં કેવી કમાલ થાય છે ! પહેલું તો એ થશે કે જીવનમાં સામાજિક, રાજકીય, ધાર્મિક કે વ્યાવહારિક પ્રસંગો આવશે, ત્યારે વ્યક્તિ એક પ્રકારની સ્વસ્થતાથી એનો વિચાર કરી શકશે. કોઈ ઘટના બને, ત્યારે એ ક્ષણભર વિક્ષુબ્ધ બની જશે, પરંતુ તરત જ એમાંથી બહાર આવી જશે. કોઈ પ્રલોભન જોતાં એનું મન ક્ષણભર ચંચળ થઈ જાય તેવું બને પણ તરત જ વિચારશે કે આ તો મનની વૃત્તિ છે અને મારે એ વૃત્તિને વશ થવું નથી. એ માનવી છે, માટે એને ગુસ્સો પણ આવે અને પ્રેમ પણ થાય. એ શોક પણ અનુભવે અને આનંદ પણ જાગે, પરંતુ એને એ મનની વૃત્તિ તરીકે પોતાનાથી ભિન્ન રૂપે જોશે.

જેમ કોઈ વિરાટ સાગરમાં મોજું ઊછળે અને શમી જાય, પણ એનાથી સાગરમાં કોઈ ફેરફાર થતો નથી, એ જ રીતે મનની વૃત્તિ જાગે અને એ શમી જાય, એનાથી એની સ્વસ્થતામાં કોઈ ફેરફાર થતો નથી. સાધક પોતાની એ વૃત્તિઓને જોતો હોય છે. દૂર રહીને નિહાળતો હોય છે, ક્યારેક લાલચની વૃત્તિનો સળવળાટ જોઈને એ મૂછમાં હસતો હોય છે અથવા તો મનમાં મોહની વૃત્તિ કૂદકો મારે, ત્યારે એ કૂદકાને જોતો હોય છે, પરંતુ આ બધું દૂર રહીને એ જોતો હોય એ રીતે પોતાની વૃત્તિઓને જુએ છે અને પછી એ વૃત્તિઓનું પ્રાબલ્ય ભાંગતું પણ જુએ છે. આમ, સાધક પોતાની વૃત્તિઓનું નાટક પોતે જ જોતો હોય છે. એ વૃત્તિઓથી લેપાતો નથી, પરંતુ એ વૃત્તિઓનો દૃષ્ટા અચૂક રહે છે અને એ રીતે પોતાનું આત્માનુસંધાન જાળવી રાખે છે.

**—પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

## ॥ મોહાવેશનો ભોગ ન બનો ॥

**'नारीस्तनभरनामीदेशं दृष्ट्वा मा गा मोहावेशम् ।**
**एतन्मांसवसादिविकारं मनसि विचिन्तय वारं वारम् ॥'**

नारीस्तनभरनामीदेशम्-સ્ત્રીનાં વક્ષ:સ્થળને, નાભિપ્રદેશને, दृष्ट्वा-જોઈને, मा गा:-થઈશ નહિ, मोहावेशम्-મોહના આવેશને વશ, एतत्-આ, मांसवसादिविसारम्-માંસ, ચરબી વગેરેના વિકાર, मनसि-મનમાં, विचिन्तय-વિચાર કર, वारंवारम्-વારંવાર.

સ્ત્રીનાં(મદભર) વક્ષ:સ્થળને, નાભિપ્રદેશને જોઈને, મોહાવેશને વશ થઈશ નહિ, આ (તો) માંસ, ચરબી વગેરેનો વિકાર (માત્ર છે એમ) મનમાં વારંવાર વિચાર કર. (૩)

કેટલીક પ્રતોમાં પ્રથમ પંક્તિનો ઉત્તરાર્ધ 'मिथ्या माया मोहावेशम्' એવો પણ મળે છે. આ પાઠ પ્રમાણે પ્રથમ પંક્તિનો અર્થ આવો થશે : 'નારીનાં ભરાવદાર સ્તન અને નાભિપ્રદેશ માયામોહના મિથ્યા આવેશને જન્માવનાર છે.' જોઈ શકાય છે કે અર્થમાં ઝાઝો ફેર નથી પડતો.

બીજા શ્લોકમાં અર્થની વાત કર્યા પછી આચાર્ય ત્રીજા શ્લોકમાં કામને સ્પર્શે છે. આપણા ચાર પુરુષાર્થોમાં અર્થ અને કામને મૂકવામાં આવ્યા છે. અલબત્ત પ્રથમ પુરુષાર્થ ધર્મ છે. ધર્મ એટલે કર્તવ્ય. મનુષ્યે પ્રામાણિકપણે નૈતિક રીતે પોતાના કર્તવ્યનું પાલન કરવું જોઈએ. અર્થ એટલે ધન અને સલામતી. અર્થ પુરુષાર્થ દ્વારા મનુષ્ય ભયથી સલામતી ઇચ્છે છે. ઇન્દ્રિયો દ્વારા



મળતા આનંદને કામ કહે છે. સલામતી અને આનંદ પ્રાપ્ત કરવાની ઇચ્છા માત્ર મનુષ્યમાં જ નહિ, પ્રાણીમાત્રમાં જોવા મળે છે. પશુ-પક્ષીઓ તેમની સહજ વૃત્તિઓ (instincts) મુજબ વર્તન-વ્યવહાર કરે છે. મનુષ્ય પણ એવું જ કરવા લાગે તો તેનામાં અને જનાવરમાં ફરક શું ? તેમની વચ્ચેના ભેદનો નિર્દેશ કરતાં એક સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે :

આહાર નિદ્રા ભય મૈથુનમ્ ચ સામાન્યમેતત પશુર્ભિનરાણામ્ ।
ધર્મો હિ તેષામ્ અધિકો વિશેષઃ ધર્મેણ હીણાઃ પશુર્ભિસમાનાઃ ॥

મનુષ્યને પશુઓથી જુદું પાડનાર તત્ત્વ ધર્મ છે. ધર્મમાં વિવેકબુદ્ધિ આવી જાય. સારું શું ને ખોટું શું, યોગ્ય શું ને અયોગ્ય શું એનો વિચાર કરનાર જ ધર્મના માર્ગ પર ચાલી શકે. ધર્મના પુરુષાર્થને પહેલું સ્થાન આપવાનું કારણ એ છે કે મનુષ્ય ધર્મના માર્ગે જ અર્થ અને કામને સંતોષે. અર્થાત્ ધર્મ મનુષ્યને અર્થ અને કામ સંતોષતી વખતે વિવેક અને સંયમપૂર્વક આગળ વધવા કહેશે. જીવન આનંદ અર્થે હોવા છતાં ઇન્દ્રિયજન્ય ક્ષુલ્લક આનંદ માટે જીવન વેડફી મારવાનું નથી. માનસિક અને બૌદ્ધિક આનંદ પણ હોય છે અને એનાથી યે ઊંચો આત્માનો આનંદ પણ છે. એ આનંદ મેળવવો હોય તો શરીરના સ્તરના નિમ્નસ્તરીય આનંદથી ઉપર ઊઠવું રહ્યું.

વાસ્તવમાં કામ પણ તૃષ્ણાની જેમ જ સુખશાંતિનો શત્રુ છે. 'કામ' શબ્દના બે ઘટકો છે : 'ક' અને 'આમ'. 'ક' એટલે સુખ અને 'આમ' એટલે 'રોગ અથવા કાચું.' આપણને જે ભોગ સુખરૂપ લાગે છે તે હકીકતમાં રોગ હોય છે. જે સુખ કાચું હોય તેને 'કામ' કહેવાય. 'કામ' ઉપરથી જ 'કામના' (desire)

શબ્દ બને છે. કામનો જન્મ મોહને લીધે થાય છે. વસ્તુની યથાર્થતાનો ખ્યાલ જેનાથી નષ્ટ થઈ જાય તેને મોહ કહે છે. સ્વભાવે નશ્વર અને પરિણામે જુગુપ્સાજનક વસ્તુમાં સૌન્દર્ય અને સુખદાયીપણાનો ખ્યાલ મોહને લીધે જ પેદા થાય છે. વિજાતીય વ્યક્તિ માટેના મોહમાંથી કામ જન્મે છે અને જડ દૃશ્યના આકર્ષણથી તૃષ્ણા જન્મે છે. આ બંને શાંતિના શત્રુઓ છે.

આત્મસાક્ષાત્કારને જીવનનું લક્ષ્ય બનાવ્યા પછી પણ મોટા ભાગના મનુષ્યો એ લક્ષ્યથી ચ્યૂત થાય છે, કારણ કે માયાએ અદમ્ય આકર્ષણથી તેમની વિવેકશક્તિને આચ્છાદિત કરી દીધી છે. સ્વામી શિવાનંદજીએ સાચું જ કહ્યું છે : માયાએ બધા જ પદાર્થોને મોહિત કરનાર આકર્ષણ શક્તિરૂપી વૉર્નિશથી ઢાંકી દીધા છે. તમારે હંમેશાં સમજી લેવું જોઈએ કે તેમનામાં કંઈ જ નથી. તેમનામાં તમને આનંદ આપવાની સહેજ પણ શક્તિ હોતી નથી. પરંતુ તેઓ ખૂબ આનંદદાયક હોય, ખૂબ આકર્ષક હોય એમ લાગે છે. મનુષ્ય વિચારે છે. અહીં જ મારું સુખ સમાયેલું છે, અહીં મારો આનંદ રહેલો છે. તેમનામાંથી મને આનંદ મળી શકશે. માયાના આકર્ષણથી આ મોહ સર્જાય છે.

અહીં ફરીથી કઠોપનિષદના મુમુક્ષુ બાળક નચિકેતાને યાદ કરીએ. યમરાજાએ તેને ધનદોલતની જ લાલચ નહોતી આપી, સ્વર્ગની સર્વોત્તમ સુન્દરીઓ, અપ્સરાઓની ઑફર પણ કરી હતી. પરંતુ જેની વિવેકબુદ્ધિ જાગૃત હતી તે નચિકેતા એવી આકર્ષક ઑફર પણ ઠુકરાવી દે છે કારણ કે તેને ખ્યાલ છે કે આત્મજ્ઞાન દ્વારા જે સુખ સાંપડવાનું છે એની આગળ આ



દુન્યવી સુખોની કશી વિસાત જ નથી. યમરાજા પણ તેનાથી પ્રભાવિત થઈ તેના વિચારનું સમર્થન કરતાં કહે છે : દેખાવોના બહારના આકર્ષણથી છેતરાશો નહિ. તેઓ ખૂબ આનંદદાયક લાગે છે, પણ ત્યાં તમને તમારું સુખ પ્રાપ્ત થશે નહિ. પ્રેય માર્ગ દેખાવમાં ખૂબ સરસ, ખૂબ આકર્ષક છે, પણ સાવધાન રહો ! માયાને ભેદવાનો પ્રયાસ કરો અને બધા બાહ્ય દેખાવોની પાછળ છુપાયેલા ‘તેને’ શોધી કાઢો. દેખાતી દુનિયાની સાચી પ્રકૃતિની પૃચ્છા કરો, વિચાર કરો, વિવેક કરો. મનુષ્ય સુંદર શરીરથી આકર્ષાય છે, આખી દુનિયા સ્ત્રીઓના આકર્ષક દેખાવથી આકર્ષાયેલા પુરુષો અને પુરુષોના આકર્ષક દેખાવથી અંજાયેલી સ્ત્રીઓથી મોહિત થયેલી છે. જે મનુષ્યને બધાં આકર્ષણોથી પાર જઈને, જેની આગળ સઘળાં દુન્યવી સૌન્દર્યો તદ્દન ઝાંખાં પડી જાય છે એવા સૌન્દર્યોના સારભૂત સૌન્દર્યનો અનુભવ કરવો છે તેને આ બાહ્ય આકર્ષણો નિષ્ફળ બનાવી દે છે.

રામકૃષ્ણ પરમહંસ પોતાના પ્રિય શિષ્યોને કહેતા, ‘ધ્યાનપૂર્વક સાંભળો. તમે આ થોડાક બહારના સૌન્દર્યથી શા માટે મોહિત થઈ જાઓ છો ? આ શરીરનું સૌન્દર્ય શું છે ? સૌન્દર્યના એ દેખાવની પાછળ દુનિયાની ગંદકી ભરેલી છે.’ કહેવાનું અને ભાસતું સૌન્દર્ય ફક્ત ત્વચા જેટલું જ હોય છે. જો ત્વચા (ચામડી) દૂર કરવામાં આવે તો સંસારમાં સૌથી સુંદર ગણાતી વ્યક્તિની પાસે પણ તમે જશો નહિ. ત્વચા દૂર કર્યા પછી તમારે લાંબી લાકડી લઈ તે વ્યક્તિનું કીડીઓ, માખીઓ અને ગીધોથી રક્ષણ કરવા માટે ઊભા રહેવું પડશે. તમને તરત સમજાશે કે જે દેખાતી બહારની સુંદરતા હતી તે કેવળ ત્વચાને

કારણે હતી. અને એ પણ તમારી સુંદરતા માટેની કલ્પના જ હતી. તે વ્યક્તિમાં ખરેખર સુંદરતા જેવું કંઈ હતું જ નહિ. દેખાતી, ભાસતી સુંદરતાની પાછળ શું છે તેનું પૃથક્કરણ કરતાં પરુ, લોહી, નખ, મળ, મૂત્ર, ગંદકી વગેરે જ જણાશે.

જેના માટે કામ તથા તૃષ્ણા હોય, અદમ્ય આકર્ષણ હોય તેનાં યથાર્થ ચિંતન-મનન તેની પોકળતા છતી કરે છે, એના પ્રત્યેનું ખેંચાણ નબળું પાડે છે અને અંતે એમાંથી છૂટવાનું સરળ બનાવે છે. તેથી જ આચાર્ય અહીં કામનું, વિષયનું અને એની પોકળતાનું વારંવાર ચિંતન કરવા કહે છે. કામ જેટલો વિઘાતક પુરુષ માટે છે તેટલો જ સ્ત્રી માટે પણ છે. તેથી આ શ્લોકમાં આચાર્યે પુરુષને ઉદ્દેશીને કહેલી વાત સ્ત્રીને માટે પણ એટલી જ ઉપયોગી છે. તેઓ મનુષ્યમાત્રને કહે છે : કોઈના શરીરનું સૌન્દર્ય જોઈને મોહિત થશો નહિ. વિવેકી બનો, તમારી બુદ્ધિનો ઉપયોગ કરો. ભગવાને સહુને સારાસારને પરખવાની શક્તિ આપેલી છે.

મનુષ્યે વારંવાર વિચાર કરવો જોઈએ, મનન કરવું જોઈએ કે દેખાવો છેતરામણા હોય છે. હું જે કંઈ જોઉં તેના માત્ર બહારના દેખાવથી દોરવાવું ન જોઈએ. મારે મારી વિવેકની આંખ દ્વારા બહારના દેખાવોને ભેદીને પાર જવું જોઈએ. મને મન અને બુદ્ધિ માત્ર આ પૃથ્વી પર, પ્રપંચમાં અને સંસારની દુન્યવી પ્રક્રિયાઓમાં સફળતા પ્રાપ્ત કરવા માટે જ આપ્યાં નથી, તેમને માયાના સંકજામાંથી સહીસલામત બહાર કાઢવા માટે આપ્યાં છે. મારે માયાની આરપાર એવી રીતે પસાર થઈ જવું જોઈએ કે માયા મને સ્પર્શ પણ કરી ન શકે. અખાડામાં કુસ્તી કરવા જતો પહેલવાન આખા શરીર પર ચીકણા તેલની માલીશ



કરે છે. તેને લીધે તે શત્રુના સકંજામાં સપડાતો નથી, તે પકડી પણ પાડે તોયે તે સરકી શકે છે, છટકી શકે છે. તે જ રીતે ભગવાન નામનું સંકીર્તન કરનાર, સ્મરણ કરનાર સાધક સંસારના સકંજામાં સપડાતો નથી, સપડાય તો પણ સહીસલામત સરકી શકે છે, છૂટી શકે છે.

તૃષ્ણાની ચર્ચા કરતાં આપણે જોઈ ગયા તેમ કામ પણ કદી તૃપ્ત થતો નથી. કામની અતૃપ્તિમાંથી ક્રોધ જન્મે છે. જો ક્ષણિક તૃપ્તિ થાય તો યે વધુ ને વધુ ભડકતી તૃષ્ણા અતૃપ્તિ જ જન્માવે છે. કામને પ્રગટ્યા પછી રોકવાનું મુશ્કેલ છે. તેથી તેને જન્માવનાર દૃષ્ટિનો જ સંયમ થવો જોઈએ. અનુચિત વસ્તુઓને જોવી તથા અસંયમીઓની સોબત કરવી. આ બંનેનો ત્યાગ કામથી બચવા માટે અત્યંત આવશ્યક છે. અહીં જે કામને ત્યજવાનું કહ્યું છે એ ધર્મવિરુદ્ધ કામ છે. અલબત્ત ધર્મને અનુરૂપ કામ પણ સંયમના અભાવે અનર્થકારી બની શકે છે. મોહના આવેગથી જન્મતો કામ અનર્થરૂપ જ બને કેમ કે તેમાં સંયમ થઈ શકતો નથી. માદ્રીના મોહમાં આસક્ત થઈ પાંડુ સંયમ ગુમાવે છે અને પરિણામે મૃત્યુ પામે છે. ઈન્દ્રિયોના આવેગોના શમન સિવાય વિવેક, શાંતિ કે સુખ સંભવી શકતાં નથી.

રામકૃષ્ણ પરમહંસ ત્યાગ અને વૈરાગ્યની ભાવનાવાળા તેમના અંગત જિજ્ઞાસુ મુમુક્ષુ શિષ્યોને કહેતા : જુઓ, બાળકો ! માનવીય સુંદરતાથી ક્યાંય ચઢી જાય તેવી રંભા, ઉર્વશી, તિલોત્તમા-સ્વર્ગની અપ્સરાઓ-ખૂબ આકર્ષક અને સુંદર હોય છે. તેમની સુંદરતાથી જરા પણ મોહિત થતા નહિ. તે નકામું છે. મારામાં વિશ્વાસ રાખો મેં તે બધી વસ્તુઓ કરતાં વધુ સુંદર,

સૌન્દર્યોના સૌન્દર્ય, પરમ દિવ્યતા, પ્રકાશોના પ્રકાશ એવા સુંદર બ્રહ્મનાં દર્શન કર્યાં છે. તેની સામે રંભા, ઉર્વશી તથા તિલોત્તમા અને બીજી અદ્ભુત અપ્સરાઓનાં સૌન્દર્ય મૃત્યુ પછી ચિતામાં દહન થયેલા દેહની રાખ જેવાં લાગે છે. વિશ્વામિત્ર જેવા તપસ્વીને મોહિત કરી તેમનું પતન કરનાર આ અપ્સરાઓનું આકર્ષણ સ્મશાનની રાખ સમાન નીરસ અને તદ્દન કુરૂપ દેખાય છે. આમ, જો તે (બ્રહ્મ) સૌન્દર્યનું સૌન્દર્ય હોય અને જો તેને પ્રાપ્ત કરવાનો હોય તો પછી તમે આ પાર્થિવ સૌન્દર્ય તરફ શા માટે દોડો છો ? તે તુચ્છ છે, તેનામાં સાચું સુખ રહેતું નથી.

ઉપનિષદકાળથી માંડીને અત્યાર સુધીના સર્વ સમર્થ પરમાચાર્યોએ કાંચન અને કામિનીની કામનાથી મુક્ત થવાનો ઉપદેશ કર્યો છે; પરંતુ કોઈએ તેમનું અપમાન કર્યું નથી. પૃથ્વી પરના પ્રત્યેક બુદ્ધિશાળી મનુષ્યને એ બંનેનું આકર્ષણ હંમેશાં રહ્યું છે. પ્રત્યેક મનુષ્ય દુઃખથી દૂર થવા ઇચ્છે છે, દુઃખનિવૃત્તિ ઇચ્છે છે અને સુખ સંપ્રાપ્ત કરવા ઝંખે છે, સુખપ્રાપ્તિ વાંછે છે. એ માટે તે સૌથી પહેલાં પોતાની સલામતી અકબંધ કરી લે છે. સલામતી સાંપડ્યા પછી તે સુખ પ્રાપ્ત કરવાનુા પ્રયાસો તે જ કરે છે. માત્ર મનુષ્યમાં જ નહિ, પ્રાણીમાત્રમાં કુદરતે વિજાતીય આકર્ષણ મૂકેલું છે. કુદરતની આ સહજવૃત્તિને મનુષ્યે નિયંત્રિત કરી ઊર્ધ્વીકૃત કરવી પડે. માત્ર સૂક્ષ્મ બુદ્ધિવાળી વ્યક્તિ જ આમ કહી શકે, પશુ ન કરી શકે.

આરંભિક તબક્કામાં સાધકો માટે પણ જાતીય વૃત્તિ પર સંયમ કરવો કપરું કામ છે. માનવદેહને તો ઐંદ્રિય પદાર્થોમાં સુખ સાંપડે છે, માત્ર બુદ્ધિ જ ઉચ્ચતર સંભાવનાઓની તલાશ



કરે છે. એ દિશામાં અગ્રેસર બુદ્ધિ મનની મદદથી શારીરિક આનંદોથી ઉપર ઊઠી આધ્યાત્મિક આનંદ આસ્વાદવા મથામણ કરે છે. સહજવૃત્તિની પ્રવૃત્તિને ઊલટાવવાની પ્રક્રિયાને યોગશાસ્ત્રમાં 'પ્રતિપક્ષ ભાવના' કહે છે. શાસ્ત્રોમાં આ પદ્ધતિને અનુસરીને આપણને સલાહ-સૂચન આપવામાં આવે છે.

આ સ્તોત્રના ત્રીજા શ્લોકમાં શંકરાચાર્ય પણ આપણને વિચારવાની એક દિશા ચીંધે છે. તેમનો અભિગમ મહદંશે બૌદ્ધિક છે, વૈજ્ઞાનિક છે. વિજાતીય વ્યક્તિના બાહ્ય દેખાવને પ્રતિપક્ષ ભાવના વડે સૂક્ષ્મતાથી અવલોકવાથી યથાર્થનું ભાન થાય છે અને મિથ્યા ભ્રમણામાંથી મુક્તિ મળે છે.

આ રીતે આચાર્ય આ અદ્ભુત સ્તોત્રના આરંભમાં જ આપણને આધ્યાત્મિક માર્ગની બે કઠિન અડચણોમાંથી મુક્ત થવા ઉત્સાહિત કરે છે. અલબત્ત કાંચન-કામિનીની કામનાનો ત્યાગ સરળ નથી. અનેક જન્મની સાધના પછી સાધક આ વૃત્તિઓ પર નિયંત્રણ મેળવવામાં સફળ થઈ શકે છે. નિયંત્રણ મેળવ્યા પછી પણ થોડીક શિથિલતા, અસાવધતા પતનની ખીણમાં ધકેલવા પર્યાપ્ત છે. વિશ્વામિત્ર, અહલ્યા, બ્રહ્માજી વગેરેની પ્રચલિત કથાઓ સાધકને લાલબત્તી ધરવાનું કામ કરે છે. શંકરાચાર્ય પણ અહીં આપણને પ્રતિપક્ષ ભાવનાથી વારંવાર વિચાર કરવાની સલાહ આપે છે. 'વિવેકચૂડામણિ'માં પણ તેમણે સાધકને આવી સલાહ આપી જ છે :

**विरज्य विषयवाताद्दोषद्रष्ट्या मुहुर्मुहुः ।**
**स्वलक्ष्ये नियतावस्था मनसः शम उच्यते ॥ ( २२-२३ )**

(વારંવાર દોષદૃષ્ટિ કરીને, વિષયોના સમૂહથી વૈરાગ્ય

પામી, મનને પોતાના લક્ષ્યમાં જ સ્થિર અવસ્થા એ ‘શમ’ કહેવાય છે.)

જગતના પદાર્થો અસ્તિત્વ ધરાવે છે અને આપણને આકર્ષે પણ છે. શું આપણે તેમને તેમના યથાર્થરૂપમાં અવલોકીએ છીએ ? વાસ્તવમાં આપણે આપણા અંગત ગમાઅણગમાથી પ્રેરાઈને પદાર્થોને કલ્પનાનો ઢોળ ચડાવી જોતા હોઈએ છીએ. જો આપણે તેમને વૈજ્ઞાનિક અભિગમથી તેઓ જેવા છે તેવા (દેખાય છે તેવા નહિ) જોઈ શકીએ તો મોહના આવેશમાંથી આસક્તિમાંથી મુક્ત થઈ આધ્યાત્મિક ઉન્નતિ કરી શકીએ. કાંચન અને કામિની સ્વયં મનુષ્યને નીચે પછાડવા સમર્થ નથી. માત્ર મોહાંધ મનુષ્ય મૂઢ બની મિથ્યા કલ્પના કરી તેમને અઘટિત મૂલ્યવત્તા પ્રદાન કરે છે, તેમને પ્રાપ્ત કરવા તડપે છે, તરફડે છે અને પોતાનો નાશ નોંતરે છે. કરુણાર્દ્ર આચાર્ય મૂઢ મનુષ્યને મોહનિદ્રામાંથી જાગી સત્પથ પર આગળ વધવા અનુરોધ કરે છે, આહ્‌વાન કરે છે. જાગૃત થયેલા મનુષ્યે જીવનની ક્ષણભંગુરતાનો વિચાર કરી સત્વરે સત્માર્ગ પર સભાનપણે ચાલવું જોઈએ. આચાર્ય જીવનની ક્ષણિકતા સમુચિત દૃષ્ટાંતથી સમજાવે છે.

**—ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ**

‘સંતની સંનિધિ જ વૈરાગ્યની ઉદ્‌બોધક બની રહે છે.’



# ॥ જીવનની વસંત : શ્રી યોગેશ્વર ભગવંત ॥

સ્વામી શ્રી સત્યમિત્રાનંદ કહે છે કે; “સંત એટલે વસંત.” બીજા એક મહાપુરુષ કહે છે કે “સંતનો કદી અંત ન હોય.” સાધકને નિશ્ચિત લક્ષ્ય સુધી પહોંચાડે તે સંત. અને તેને આપ સમાન બનાવવાની અથાગ પરિશ્રમ કરે તે યોગેશ્વર ભગવંત !

વસંતનાં ત્રણ નજરાણાં પ્રેમ, પ્રસન્નતા ને ઉત્સવ. યોગેશ્વરજી એટલે પ્રેમનો પારાવાર પ્રસન્નતાનો પુંજ, સાધના, કર્મ, યોગ, ભક્તિ, જ્ઞાન ને તપનો નિત્ય ઉત્સવ.

જીવનમાં પૂજ્યશ્રીને વિશે ઘણું વાંચ્યું, જાણ્યું, માણ્યું, પણ આચરણ ઓછું થયું. પૂ.મોટાના શબ્દોમાં; ‘મળાયું પણ ભળાયું નહિ.’ વામનથી વિરાટત્વને અને વિશ્વરૂપત્વ પામેલા મહાપુરુષ એટલે આપણા જીવન વર્તુળના કેન્દ્ર બિંદુ પૂ.શ્રી યોગેશ્વરજી. સંસર્ગમાં આવનાર કે પ્રત્યેક વ્યક્તિને નિર્વ્યાજ પ્રેમથી નવાજી જીવનના ધ્યેય પ્રત્યે જાગૃત કરાવી એવા એમનામય બનાવી દે કે સમજ જ ના પડે આ બધું કેવી રીતે થયું. પ્રભુપ્રેમનું પ્રકટીકરણ કરવાની કળામાં સહજ રીતે દોરી જાય પણ તે દોરવાની કળા સહુને સાધ્ય ન હોય અને તે અગમ-નિગમના માર્ગોથી સહુ માહિર પણ ન હોય. તો આ મહાપુરુષે પારાવાર પ્રસન્નતાથી એ માર્ગે ચાલતાં શીખવ્યું. એ બીજ વાવી તેનું સંવર્ધન, સંરક્ષણ કરી વૃક્ષ થાય તે પહેલાં વિદાય લઈ લીધી. પણ એ ફસલની પરિપકવતા માટે, તેમાં કોઈ રોગ ન લાગે, માર્ગે ભૂલા ન પડાય તે માટે તે ધુરા પૂ.શ્રી‘મા’ને સોંપી ગયા.

પિતાવિહોણા બાળપણ અને કડક શિસ્તમય માહોલમાં

માતાની અન્ ઉપસ્થિતિએ પણ જીવનને ધીરગંભીર બનાવી દીધું. પણ સાથે સાથે કુમળી વયમાં મહાપુરુષ બનવાનાં સ્વપ્નો સજાવી દીધાં. સ્વપ્નો, સ્વપ્નો ન રહેતાં તે માર્ગ પર નક્કર પગલાંનું મંડાણ થયું (અને સપને કભી સચ નહિ હોતે એ પ્રચલિત માન્યતાનું ખંડન કરી બીજાને પણ સ્વપ્નો સત્ય કરવાના માર્ગ પર ચાલવાની પ્રેરણા ધરી.)

૧૬ વર્ષની ઉંમરથી શરૂ થયેલાં દર્શનો અને ભવિષ્યના મહાપુરુષ છે એવી અનેક અનુભૂતિઓ મળી હોવા છતાં સંસિદ્ધિની મજલ કાપવા માટે ૨૪ વર્ષ જેવા સુદીર્ઘ સમય સુધી સાધનાના પંથે ચાલવું પડ્યું. મૂંઝવણો હતી, કેડી કાંટાળી હતી પણ દુઃખના દાવાનળમાં પણ ન એ માર્ગ છોડ્યો કે ન એ પ્રસન્નતા.

'પ્રકાશના પંથે' પ્રાર્થનાઓનો ઈતિહાસ છે. સાધનાની સ્વ હસ્તે કંડારાયેલી કેડી છે. તો પ્રતિકૂળતાઓનો સહજ સ્વીકાર ને નિરાશાનો સામનો કરવાની દીવાદાંડી છે. ક્યાંક વાચક પણ થાકી જાય તેટલા જગદંબાના વાયદા. પણ આપણાથી તેના પર કેસ થોડો કરાય છે ? તેવું સમાધાનકારી વલણ તેમના ધૈર્યની પરાકાષ્ઠાનું દર્શન છે, શ્રદ્ધાનું શિખર છે, મહિમાવંતું બનાવનાર મહિમાગાન છે. દૂધનો પ્રસાદ મૂકી કરેલી સાધનાની અસફળતા વખતે શરીર છોડી દેવાની ઈચ્છા છતાં તેમાંથી સમજપૂર્વક પાછા વળવું તે તેમનામાં રહેલી વિવેકબુદ્ધિનો તેજસ્વી તિખારો છે.

સમજપૂર્વકની સાધના અને લક્ષ્યવેધી પરિશ્રમ, નિષ્ઠા, સાતત્ય, સમયનું મૂલ્ય, તે પૂ.શ્રીની સાધનાશિખરના પાયાના પથ્થરો છે. તેમાં અથાગ પ્રયત્નો ને ક્યાંય બાંધછોડ નથી. આત્માના માર્ગદર્શક જગત-જગદીશ છે. પણ જગતની સેવા



માટે સામર્થ્ય જોઈશે તે પ્રાપ્ત કરવા માટે ધૂણી ધખાવી. First self realisation and then service to mankind. સાત સાત વર્ષ નિદ્રાવિહોણી રાત, નવરાત્રિના કઠિન વ્રત, ઉપવાસો, પથ્થરને પણ પીગળાવી દે તેવી પ્રેમભરી અગણિત પ્રાર્થનાઓ. સાથે સાથે ભાવવાહી પદો, સ્તુતિઓ અને શાસ્ત્રના સરળ અનુવાદો એમને સહજ મહર્ષિ પદને પ્રાપ્ત કરાવે છે. શાસ્ત્રો જ અનુવાદિત ન થયા તે સાથે સાથે જીવન પણ અનુવાદિત થયું અને ગીતા જીવનમાં જીવાતી ગઈ અને બીજાઓને તે પ્રેરણાનાં પીયૂષ પાતી ગઈ.

સમાજનું ઋણ અદા કરવાની ભેટ તે તેમનું ઉત્કૃષ્ટ સાહિત્યસર્જન. સમાજનું ઋણ અદા કર્યા સિવાય આપણને અન્ન લેવાનો અધિકાર નથી કેવી ઉદાત્ત ભાવના ! તેમણે ખેડેલા સર્વ સાહિત્યપ્રકારો અને ખૂબ અઘરી લાગતી વાતોને સહજ રીતે સમજાવવાનું કૌશલ્ય તેમને ઉત્તમ સાહિત્યકારની હરોળમાં આગવું સ્થાન ધરી દે છે. તે સાહિત્ય જનસમાજ સુધી પહોંચે જનજીવન ઉત્કર્ષ પામે તે માટે પુસ્તકોના પુરસ્કાર જતા કરી સમાજ-ઉપયોગી પ્રવૃત્તિના મશાલધારી બની જનજીવનમાં વસંત પ્રગટાવી દીધી.

ગૃહસ્થ જીવનનો કદી અનાદર નહિ. ગૃહસ્થીઓએ આપેલી લક્ષ્મી તે તેમને જ એવું કહી પાછી આપવી કે ત્યાગી કરતાં સંસારીને તેની વધારે જરૂર છે. પોતાની જરૂરિયાતો ખૂબ અલ્પ, અત્યંત સાદગીભર્યું જીવન. દેશવિદેશની યાત્રાઓ માટે પણ સ્વનિર્ભર. આ બધાએ તેમના અયાચક વ્રતને પુષ્ટ કરી દીધું.

સાધના અને પ્રસિદ્ધિ પછી આચાર અને વિચારની એકવાક્યતા, પ્રગતિશીલતા સત્યવાદિતા, વિદ્વત્તા, નિર્ભયતા,

ધીરગંભીરતા અને આધ્યાત્મિક સિદ્ધિઓની ગોપનીયતા. ચમત્કારો થાય પણ તેનો ચમકારો અંધશ્રદ્ધામાં ન સરી જાય તેવી સાવધાની. માત્ર જગદંબાની ઇચ્છાનુસાર જ જીવન જીવવાની નેમ, આ બધું તેમને એક વિલક્ષણ શિખરપુરુષ બનાવી દે છે.

તો બીજી બાજુ સરળતા વિનમ્રતા. બ્રહ્માંડને હલાવી દે તેવી શક્તિમત્તા છતાં તેનું પ્રદર્શન નહિ. વેદાંતસંમેલનનો મંચ કે વિશ્વમંચ બધે જ સરળ અને સહજ આર્ષદૃષ્ટાપણું. ૧૯૫૫નો એક પ્રસંગ-હું અને મારાં જીજી જમવા બેઠાં હતાં સામે પૂ.શ્રી હીંચકા પર બેઠા હતા. તેમણે પૂછ્યું બેન ''તું કેટલું જીવવાની !'' જીજીએ કહ્યું ''આપ જીવાડો તેટલું''. પૂ.શ્રી કહે ૭૦ આસપાસ જજે. (જીજી ૬૭ વર્ષે ગયા) પૂ.શ્રી કહે નારાયણભાઈ પહેલાં જઈશ કે પછી ? જીજી નિરુત્તર રહ્યા તેમણે કહ્યું ચાલ, પહેલાં જજે. કાકાજીની ભયંકર માંદગીમાં પણ જીજીને વિશ્વાસ કે તેમને કંઈ નહિ થાય કેમકે મહાત્માજીએ કહ્યું છે. ''હું પહેલી જઈશ.'' એ '૯૪માં ગયા પણ આ ભવિષ્યકથન તેમણે ૪૦ વર્ષ પહેલાં કર્યું હતું.

એમનું જીવન તો જાણે જીવંત યુનિવર્સિટી. નિર્જીવ યંત્રોમાં પણ જીવંત દર્શન કરવું. જીવમાત્ર પ્રત્યે કરુણા. ઉપયોગી ચીજોને પગ ન લગાડાય, કૃતજ્ઞતાનો ભાવ રખાય તે તેમનું જીવનપયોગી શિક્ષણ.

'આદર' એ પૂ.શ્રીના જીવનની આગવી વિશિષ્ટતા. જીવનમાં અનેક સંતપુરુષો મળ્યા પણ કદી તેમની પરીક્ષા કરી પોતે મહાન છે તેવું ના બતાવ્યું સંતોનો સમય ખૂબ કિંમતી હોય છે તેનું ભાન કરાવ્યું ક્યારેક કોઈક તરફથી મળેલા અનાદરને પણ હકારાત્મક લઈ પ્રસન્નતાનો દીપક પ્રગટાવ્યો.



જ્ઞાનને શરીર ધારણ કરવાનું મન થયું ત્યારે તે યોગેશ્વરજીરૂપે અવતર્યું. અંગ્રેજી ગુજરાતી સંસ્કૃત હિંદી ભાષા પરનું પ્રભુત્વ એ એમના વ્યક્તિત્વની પ્રભાવશાળી બાજુ. સાક્ષાત્કારની ચરમ સીમા સમાધિદશા કે જીવનની અનેક વિલક્ષણતાઓ સહજ અભિમાન નિષ્પન્ન કરે તેવી બાબતો હતી. પણ આ મહાપુરુષ સરળ અને સહજ રહ્યા.

(જીવલેણ માંદગીમાં પણ જગદંબાનાં સૂચનોનો સહજ સ્વીકાર અને દૃઢ શ્રદ્ધા દાદ માંગી લે તેવાં !) નારાયણ જાની અને વિઠ્ઠલ પંડ્યા જેવા મિત્રો સાથે આજીવન મૈત્રીની મજલ કાપી 'મૈત્રીનું ઉપનિષદ' રચી દીધું. તેમના જીવનમાં વસંત પ્રગટાવી દીધી.

તો બીજી બાજુ સાધકોના જીવનના ઉત્કર્ષ માટે તે સહુને સંનિધિસુખ ધરી પોતાની નિશ્રામાં જ વિવિધ સાધનાના અને ધ્યાનના પ્રયોગો કરાવી એક નિશ્ચિત લક્ષ્ય સુધી પહોંચાડવા, એ સમયમાં ખૂબ પ્રચલિત નહિ તેવી ધ્યાનસાધના શિબિરોનું ખૂબ નજીવું મૂલ્ય રાખી આયોજન કરી સાધનાના પાયાને દૃઢીભૂત કર્યા. તેમના તે સંસ્કારો જળવાઈ રહે તે માટે 'અધ્યાત્મ' માસિકનું સર્જન કર્યું. જે આજે પણ અવિરત રીતે ચાલી રહ્યું છે.

પરિવારને પ્રેમ તે 'પ્રભુને જ પ્રેમ' તે સિદ્ધાંત લઈ ત્યાગી છતાં માતાજીને સાથે રાખ્યા પોતાને પૂર્વે પહેલાથી મૃત્યુની જાણ હોવા છતાં તેમનાં જીવનના અંતિમ શ્વાસ સુધી શુશ્રૂષા કરી માતાને ગૌરવમય જીવન અને મૃત્યુ બંને આપ્યાં. ઉત્તમ માતૃભક્તનું દૃષ્ટાંત પૂરું પાડ્યું.

દેશની આઝાદી માટે ખૂબ પ્રાર્થનાઓ કરી રાષ્ટ્રભક્તિનો આદર્શ આપ્યો.

પૂ.શ્રીના જીવનનો વિલક્ષણ અધ્યાય એટલે ‘જગદંબાનું પ્રાગટ્યીકરણ.’ જગદંબા સાક્ષાત્ પ્રગટ થઈ, શ્રી વિગ્રહમાં મારી સાથે લીલા કરે; એ ભાવના મૂર્તિમંત થઈ શ્રી ‘મા’ સર્વેશ્વરીના પ્રગટીકરણમાં. ‘ભવાનીને પ્રગટાવતાં પ્રગટાવતાં તે ભગવંત બની ગયા.’ તે અવતરણે તેમના જીવનમાં એક નવું જોમ ભર્યું. મૌન એકાંતમાં કદાચ સરી જાત તે જીવનને જગમંચે વધુ ને વધુ પ્રકાશિત કર્યું. તે શિવ-શક્તિના ત્રણ-સાડાત્રણ વર્ષની સંનિધિ એક યુગનું નિર્માણ કરી ગઈ. તેમના યુગાવતાર સ્વપ્નને સાચું કરી ગઈ. પળે પળે જીવાયેલી એ જીવનચદરિયાના ઉત્કૃષ્ટ ગુણોના તાણાવાણાનું દર્શન કરાવી જનસમાજજીવન પર એક નવી જ ભાત પાડી.

પૂ.‘મા’એ પણ પ્રગટ પ્રભુ ‘મા’ની અખંડ આરાધના કરી. તેમણે રચેલી સ્તવનમાળામાં તેમના વ્યક્તિત્વમાં રહેલા પ્રચ્છન્ન ગુણોનું પ્રકટીકરણ કર્યું નિત્ય પ્રભાતે તે વંદના નવીન દર્શન કરાવે છે. તેનું ભાન કરાવ્યું. ઉપનિષદકાર કહે છે કે ‘જેને નમસ્કાર કરીએ તેનો આકાર આપણને મળે છે.’ તેવા ઉદાત્તભાવને પ્રગટાવવા પ્રણામપૂજનનું આગવું નજરાણું ધર્યું. જો તે ભાવે તે પૂજા થાય તો જીવન અવશ્ય રૂપાંતરિત થાય. શ્રી લક્ષ્મેશભાઈ કહે છે તેમ; अस्माकम् सन्तु તેવી પ્રાર્થના પણ સહેજે થઈ જાય તો ધન્ય જીવનની પ્રાપ્તિ થઈ જાય.

મધુરાષ્ટક જેવા એ મહાપુરુષના મધુર જીવનને વસંતઋતુની જેમ ફરીને કરેલા મંગલ યજ્ઞની સમિધા બનવાનું સૌભાગ્ય ઈચ્છીએ, પ્રાર્થીએ. ભારતીય સંસ્કૃતિના એ મહાન જ્યોતિર્ધરને કોટિ કોટિ પ્રણામ !

**—શ્રી જ્યોત્સ્ના ત્રિવેદી**

-----------★------------



## ॥ જીવતા દેવને ॥

**જીવતા દેવને સેવો, ઓ ભાઈ મારા,**
**જીવતા દેવને સેવો.**
**હાલતા ચાલતા બોલતા-ડોલતા દેવોની આશિષ પાવો.**
**ઓ ભાઈ મારા, જીવતા દેવોને સેવો.**
**મંદિર મસ્જિદ ગુરુદ્વારામાં**
**શાંતિ લેવાને ભલે જાઓ**
**દેહના મંદિરે દેવ વિરાજ્યા,**
**તેનાયે ગીતડાં ગાવો...ઓ ભાઈ.**
**તીરથનો છે મહિમા મોટેરો,**
**તીરથમાં ભલે જાઓ;**
**આતમતીરથ તુલના ના થાય એની,**
**એને સેવી સુખ પાવો...ઓ ભાઈ.**
**વેદ કુરાન ને ગ્રંથ વાંચો**
**ભલે બાઈબલને ઉથલાવો;**
**માનવજાતનો પ્રકૃતિગ્રંથ છે,**
**તેનોય લો કૈંક લહાવો...ઓ ભાઈ.**
**દુઃખી છે દુનિયામાં, રોવે છે કંઈક,**
**એના આંસુ લો’ઈને દુઃખ ટાળો;**
**ભૂખ્યાનો દેવતા વૈશ્વાનર,**
**તેને આહુતિ આપીને ઠારો...ઓ ભાઈ.**

પાણી ચઢાવો, છોને શિવને મંદિર ભાઈ
તરસ્યાંનો પ્રાણેય પલાળો,
આરસનાં ઊભાં મંદિર કરો ભલે ને,
માનવની મહેલાતો બનાવો...ઓ ભાઈ.
ભૂષણ ને વસ્ત્ર છોને મંદિરિયે આપો,
પેલા સૃષ્ટિના સ્વામી શણગારો.
વસ્ત્ર વિનાનાં કૈંને વસ્ત્ર પહેરાવોને !
મરતા માનવને ઉગારો...ઓ ભાઈ.
હાલે ચાલે છે ને જે કરુણા યાચે !
તેને પ્રેમના પાણીએ પખાળો,
આ જગના કોઈ જીવને દુભાવીને !
તેના સ્વામીને ના પુકારો...ઓ ભાઈ.
પ્રભુને પોકારો ભલે, દર્શનથી રાચો ભલે,
જીવન તમારું ઉજાળો,
તેના સ્વરૂપ એવાં દુનિયાના રૂપને
'પાગલ' કહે ના નકારો...ઓ ભાઈ.

—શ્રી યોગેશ્વરજી

('પ્રસાદ' કાવ્યસંગ્રહ)

★



## ॥ આસ્વાદ ॥

સામાન્ય રીતે કાવ્યમાં મહિમા મર્મવાણી કે વ્યંજનાનો હોય છે પણ ક્યારેક કવિના હૃદયની ભાવતીવ્રતા એને સરળ અભિધાનો આશ્રય લેવા પ્રેરે છે. પરિણામે એની રચના સીધી લક્ષ્યગામી બની, ભાવહૃદયમાં સોંસરવી ઊતરી જાય પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજી રચિત 'જીવતા દેવને' કાવ્ય એનું સમર્થ ઉદાહરણ છે.

કવિશ્રી મનુષ્યોને 'ઓ ભાઈ મારા' કહી સંબોધે છે, પ્રેમોપદેશ માટે એ અનિવાર્ય છે. (નહિ તો કોને સાંભળવાની ફુરસદ હોય છે ?) તરત જ મુદ્દાની વાત કહી દે છે : 'જીવતા દેવોને સેવો' 'દેવોની મૂર્તિઓની ઉપાસના કરો છો તો આ હાલતા-ચાલતા, બોલતા-ડોલતા દેવો છે' એમની આશિષ કાં ન મેળવો ? પછી મંદિર-મસ્જિદ-ગુરુદ્વાર માટે પોતાનામાં નિષેધભાવ નથી એ સ્પષ્ટ કરી, દેહરૂપી મંદિરમાં વિરાજિત દેવનાં પણ ગીત ગાવા વિનવે છે.

તીર્થોનો મહિમા ઘણો છે તો ત્યાં ભલે જાઓ પણ આત્માનું તીર્થ અનુપમ છે. એને સેવી સુખ મેળવો. વેદ, કુરાન, ગ્રંથસાહેબ, બાઈબલ વાંચો પણ સાથેસાથે માનવજાતની પ્રકૃતિને ઓળખવાનો આનંદ પણ માણો.

દુનિયામાં કેટલાંય દીનદુઃખીયાં છે, એનાં આંસુ લૂછી એમનાં દર્દ ટાળો, જે ભૂખ્યાં છે એ સાક્ષાત્ વૈશ્વાનર છે તેને આહુતિ આપી શાન્ત કરો. શિવમંદિરે જળાભિષેક કરો છો તો તરસ્યાંના પ્રાણને પણ પલાળો. આરસનાં મંદિરોની સાથે સાથે મનુષ્યતાની મહેલાતો તેમજ એમને રહેવા માટે ઘર બનાવો.

મંદિરમાં વસ્ત્રાભૂષણ આપો છો અને સૃષ્ટિના (કલ્પિત) સ્વામીને શણગારો છો એમ વસ્ત્રવિહીનને વસ્ત્ર આપો, મરી રહેલા માનવને ઉગારી લો.

જે દેવ હાલતા ચાલતા, જીવંત છે ને કરુણા યાચે છે તેને પ્રેમજળથી પખાળો. આ જગતના જીવને દુભવી, જગન્નાથને પોકાર ના કરશો.

હા, પ્રભુને પોકારો ને તેના દર્શનથી રાચી, તમારું જીવન ભલે ઉજાળો. પણ પ્રભુસ્વરૂપ એવા વિશ્વના રૂપને, આ 'પાગલ' કહી રહ્યો છે, તમને વિનવી રહ્યો છે કે, 'નકારો નહિ.' કવિશ્રીએ પોતાનું ઉપનામ 'પાગલ' રાખ્યું છે, એના દ્વારા સૂચવી રહ્યા છે, કે, તમે સૌ ડાહ્યા-શાણા-સમજુ છો, તમે જે કંઈ કરી રહ્યા છો, એ યથાર્થ નથી એમ નથી, પણ એની સાથે સાથે મારી આ વાત પણ નકામી-વ્યર્થ નથી, એટલી મારી વિજ્ઞપ્તિ સાંભળી લેશો તો તમારું જીવન વધારે અર્થપૂર્ણ, વધુ સાર્થક બની રહેશે; એટલું ચોક્કસ જાણી લો.

સાચે જ સંપૂર્ણ માનવતાથી મંડિત, સચ્ચાઈપૂર્ણ પ્રભુપ્રીતિથી છલોછલ આ રચના કવિશ્રી યોગેશ્વરજીની સંવેદનશીલતા તેમજ સૂક્ષ્મ સમજણની જીવંત તસ્વીર બની રહે છે.

આ કાવ્ય અને તેનો આસ્વાદ સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.



## ॥ અમારાં દર્દ હરનારા ॥

**અમારાં દર્દ હરનારા ગુરુહરિ સ્મરણમાં રહેજો**
**અમારાં સર્વ દર્દોની ગુરુહરિ ઔષધિ બનજો.**
**અમારા સર્વ અપરાધો ક્ષમા કરી અંકમાં લેજો**
**અમારાં સર્વ શુભ કર્મો સ્વીકારી સફળતા ધરજો.**
**અમારા સર્વ વ્યાપારો પ્રદક્ષિણા ગુરુની કરો**
**અમારા સર્વ વિષયોનું કેન્દ્રબિંદુ ગુરુ બનજો.**
**અમારા સર્વ સંકલ્પો ગુરુ હરિસ્મરણમાં ઠરજો**
**અમારા અંતરે આસન ગુરુહરિનું સદા રહેજો.**
**અમારા સર્વ પગલાંઓ ગુરુહરિ મંદિરે વળજો**
**અમારા ગુરુતણી પરછાંઈ બનવા પાત્રતા ધરજો.**
**અમારું જે હતું છે ને હશે, તે સર્વ હોમાજો**
**અમારા સર્વ જન્મોનો ગુરુહરિ ચાંદલો બનજો.**
**સંબંધો સર્વ માન્ય કરી સર્વેશ્વરીને દીપાવો છો**
**નમન હો પ્રાણપ્રિય તમને દઈ દર્શન સમાવી લો.**
**અમારાં દર્દ હરનારા ગુરુહરિ સ્મરણમાં રહેજો**
**અમારાં સર્વ દર્દોની ગુરુહરિ ઔષધિ બનજો.**

**–શ્રી 'મા' સર્વેશ્વરી**

**(૨૧/૧/૧૯૯૯)**

★

## ॥ આસ્વાદ ॥

પરમ પૂજ્યશ્રી'મા' રચિત આ પદમાં ઊડીને આંખે વળગે એવો એક શબ્દ છે; 'ગુરુહરિ.' આ 'મા'ની સર્જકપ્રતિભાનો મૌલિક ઉન્મેષ છે. એનો સૂચિત અર્થ છે ગુરુ અને હરિ એક જ છે.

પોતાના ગુરુહરિનો સંપૂર્ણ પરિચય કાવ્યની પહેલી જ પંક્તિમાં કરાવી દઈ, 'મા' સીધું કહે છે : 'અમારાં (સઘળાં) દર્દ હરનારા ગુરુહરિ ! સ્મરણમાં રહેજો' આપ દર્દહારક છો એ અમે કદી વિસરીએ નહિ. દર્દો તો જીવનમાં આવ્યાં જ કરશે-નિતનવાં..તો આપ ઔષધિ બનજો. દર્દની દવા બની પધારજો. જીવન ભૂલોની પરંપરા છે તો અમારા અપરાધોને ક્ષમા કરી, અંકમાં લેજો. અમારાં કર્મો જો શુભ હોય તો સ્વીકારી તેને સફળ બનાવજો. અમારી તમામ પ્રવૃત્તિઓ ગુરુની પ્રદક્ષિણા કરે, અમારા બધા જ વિષયોનું કેન્દ્રબિંદુ ગુરુ બને. અમારા બધા સંકલ્પો ગુરુહરિસ્મરણમાં ઠરે, અમારા અંતરનું આસન સદા ગુરુહરિનું જ રહે. અમારાં બધાં પગલાં ગુરુહરિના મંદિર તરફ જ વળજો, અમે ગુરુની છાયા બની રહીએ એવી યોગ્યતા ધરજો. જે અમારું હતું, છે ને હશે (અર્થાત્ જેના જેના પર અમે મારાપણાની મહોર મારી છે) તે સર્વ હોમાજો.

અમારા સર્વ જન્મોનો ગુરુહરિ ચાંદલો અર્થાત્ સૌભાગ્ય બનજો ગુરુહરિ સર્વ સંબંધો માન્ય કરી, 'મા'ને દીપાવે છે, એની પ્રતીતિ થઈ ચૂકી છે.

હવે તો હે પ્રાણપ્રિય ! તમને નમન છે-દર્શન દઈ સમાવી લો. મારા-તારાના તમામ ભેદો ઓગાળી, અભેદ-એકરૂપતા-અદ્વૈતનો અનુભવ કરાવો.



કાવ્યાન્તે, કાવ્યારંભની પંક્તિ પુનરાવર્તિત થાય છે પણ એનો અર્થ વિસ્તરી, સીમિતતામાંથી અસીમતા તરફ લઈ જાય છે. કંઈક આ રીતે, પહેલાં અમે હતાં અને અમારાં દર્દ હતાં, હવે 'અમારું હોવું' તમારાથી પૃથક્-અલગ અસ્તિત્વ અમારું છે એ જ એકમાત્ર દર્દ છે, એ દર્દ ગુરુહરિ જ દૂર કરશે એવી અપ્રતિમ શ્રદ્ધા છે. 'હું છું' એ ખ્યાલ જ બીજાં અનેક દર્દોને ઘસડી લાવે છે. તો અમારી આપને એક જ વિજ્ઞપ્તિ રહેશે. આપ ઔષધિરૂપે પધારી, એનો ઉપાય કરજો.

અમારો અહંકાર તેમજ અમારા અહંકારજનિત સર્વ દુઃખોને હરનારા પરમાત્માસ્વરૂપ-'ગુરુહરિ' આપ જ છો. અમે એ હંમેશ યાદ રાખીશું, અમને એ યાદ નિરંતર રહેશે જ, તો જ્યારે જ્યારે દુઃખ-દર્દ-સંકટ અમારી પાસે આવે, ત્યારે આપ જ 'ઔષધિરૂપે' પધારજો. કાવ્યનો ધ્વનિ એ છે કે, 'ગુરુહરિ' આપણા અહંકારની બીમારીને દૂર કરનાર ઔષધ જ નથી, આપણને આત્મતત્ત્વમાં પ્રતિષ્ઠ કરી, આપણને કાયમી આરોગ્યનું પ્રદાન કરનાર, પોતાની સાથે અનુસંધિત કરનાર, પરમતત્ત્વ છે. એટલે એની સાથે ભળી જઈ, એકરૂપ થઈ જઈએ. પછી કોઈ દર્દની સંભાવના બચશે જ નહિ.

સંત વિનોબાએ બાળપણમાં એકવાર એક માણસને પોતાના બારણેથી હાંકી કાઢેલો ત્યારે તેમની માતાએ તેમને કહ્યું હતું, 'વિનાયક, આ યોગ્ય ન ગણાય. ઈશ્વર કયા સ્વરૂપે આપણા આંગણે આવીને ઊભો રહેશે એ કળવું મુશ્કેલ છે.' ભૂખ્યાના ભેરુ બનવું એ જ ભગવાનને ગમવાનો સરળ રસ્તો છે. જે માણસને ચાહી નથી શકતો તે ઈશ્વરને શી રીતે ચાહી શકે ? બંદાને ચાહે તેની બંદગી જ ખુદાના દરબારમાં કબૂલ થાય છે.

## ॥ મહામારી સામે મૃત્યુંજય મંત્ર સમાં શ્રી 'મા' ॥

૨૬મી જાન્યુઆરીના રોજ 'સ્વર્ગારોહણ'માં આમંત્રિત વડીલો-બાળકોના સત્કારનું જે સ્નેહભર્યું આયોજન પૂજ્યશ્રી'મા'એ કર્યું તે અદ્ભુત-અનન્ય હતું. કોરોનાના ધીમા પડેલા જોર સામે પરમ પ્રેમમયી'મા'નું એ વેગવંતું કરુણાનિર્ઝર હતું. જેમાં તૈયારીરૂપે અગાઉના દિવસોમાં પ્રસાદની તૈયારી કરવી, કયો પ્રસાદ આપવો ? બાળકો માટેની કેવી વિશિષ્ટ કિટ તૈયાર કરવી વગેરેમાં પૂજ્યશ્રી'મા'નો અતિ ઉત્સાહ સ્પષ્ટ વરતાઈ આવતો હતો. ભક્તોની આતુરતાભરી પ્રતીક્ષા એમાં છલકાઈ રહી હતી.

કોરોના મહામારીને કારણે વડીલો અને બાળકો સ્વર્ગારોહણ તીર્થ તેમજ પૂજ્યશ્રી'મા'નાં દર્શન પામી શક્યાં ન હતાં. તો તે માટે તેમના ઉપર તેઓશ્રીએ વિશેષ કૃપા કરીને આ કાર્યક્રમ યોજ્યો. તોરણ બાંધવાથી માંડીને પૂ.શ્રી'મા'ની બેઠક સુધીની બધી વ્યવસ્થા સુચારુરૂપે વિચારાઈ.

આગલી રાત્રે રંગોળી, સુશોભન થઈ રહ્યું છે. 'સ્વર્ગારોહણ'માં રહેતાં સૌ પોતાને ભાગે આવેલી સેવાને શ્રેષ્ઠ રીતે બજાવી શકે તેની તૈયારીમાં લાગ્યાં.

'સ્વર્ગારોહણ'માં પધારવા માટે અગાઉથી નામો નોંધાઈ ગયાં છે, તે મુજબ ૨૦-૨૦ના ગ્રૂપમાં સૌ આવે છે. શાંતિકૂલમ્‌માં ગાડીઓના પાર્કિંગની વ્યવસ્થા છે. ત્યાં નંબર પ્રમાણે ટોકન આપવામાં આવે છે.

'સ્વર્ગારોહણ'માં પ્રવેશતાં કોરોનાનો રિપોર્ટ દર્શાવી,



સેનેટાઈઝ થઈ, ટૅમ્પરેચર, ઑક્સિજન લેવલ મપાવીને આગળ વધવાનું હતું. ત્યારબાદ મૉબાઈલ-પર્સ બધું જમા કરાવી ત્યાં ગોઠવેલ ખુરશીઓમાં આરામથી બેસવાનું. પછી શ્રી ગુરુદેવ પ્રભુને પ્રણામ કરી, સરોડાધામનાં દર્શન કરી, કુટિયામાં પ્રવેશવાનું. સૌના હૃદયમાં પૂજ્યશ્રી'મા'નાં દર્શન કરવાની ઉત્સુકતા ને આનંદ માતાં નથી.

'સ્વર્ગારોહણ' તીર્થભૂમિ પર હાશ અનુભવતાં ભક્તોને પૂજ્યશ્રી'મા' યોગતીર્થની અટારીએથી એક બૉર્ડ દર્શાવે છે જેમાં લખ્યું છે કે, 'પધારો.' 'સ્વર્ગારોહણ'ના અદ્ભુત નવા રચાયેલા મૌનમંદિરનાં દર્શન કરી, નવા બની રહેલા ઑડિટોરિયમની મુલાકાત લઈ, 'યોગતીર્થ'ના મુખ્ય દ્વારે બધાં આવી ઊભે છે, જ્યાં પૂજ્યશ્રી'મા' સ્વયં સૌને ૧૦-૧૦ના ગ્રૂપમાં યોગતીર્થની 'વંદનયાત્રા' કરાવે છે.

'યોગતીર્થ'માં તો જાણે પ્રગટ પ્રભુનું જ દર્શન પામી રહ્યાં છીએ. એવો અનુભવ દરેકને થયો. અત્યંત આધુનિક ટૅકનોલોજીથી સજ્જ 'યોગતીર્થ'માં પૂજ્યશ્રી યોગેશ્વરજીના જીવન અને સાધનાનાં સ્વરૂપો ને કલાત્મક ચિત્રો એટલાં તો જીવંત અને તાદૃશ હતાં કે જાણે આપણે એમની સાક્ષાત્ ઉપસ્થિતિ અનુભવતાં ન હોઈએ !

'યોગતીર્થ' સુધી પહોંચવા માટે નવી લિફ્ટ પણ ભક્તો માટેની પૂ.શ્રી'મા'ની સ્નેહભરી દરકારનું પ્રતીક બની રહે છે.

'યોગતીર્થ'ની પરિક્રમા બાદ પૂજ્યશ્રી'મા' સૌને શ્રી શાંતિભાઈને શુભ હસ્તે પ્રસાદ અપાવે છે. નીચે એક બૉક્સ મૂકવામાં આવ્યું હોય છે, જેમાં કોઈને પૂ.શ્રી'મા'ને કોઈ સંદેશ

આપવો હોય તો લખીને મૂકવા માટે 'કાગળ-પેન'ની પણ સગવડ હતી.

અન્તે 'અલ્પાહાર'નાં પૅકેટ લઈને તીર્થની વિદાય ભક્તો (નક્કી કરેલા સમય અનુસાર) લે છે.

કહેવાય છે કે, 'We live in moments not in years.' આપણે વર્ષોમાં નહિ, ક્ષણોમાં જ જીવીએ છીએ. આવી સુવર્ણ ક્ષણો સ્વર્ગારોહણમાં પૂજ્યશ્રી'મા'ની પ્રેમભરી સંનિધિમાં, પૂજ્યશ્રી યોગેશ્વરજીના જીવન-સાધનાના જીવંત સ્વરૂપોનાં પવિત્ર દર્શનમાં અને તેય સેવાભાવી ભક્તોની સ્નેહભરી વ્યવસ્થામાં જે વીતાવવા સદ્ભાગી બન્યા; એ ધન્ય ધન્ય થઈ ગયા.

**–શ્રી મયૂરી ટેલર**

'ન તો મસ્જિદથી કોઈ લેવાદેવા છે ન તો મંદિરથી કોઈ સંબંધ. બસ એક જ મતલબ, એ માલિકનું સ્મરણ પ્રતિક્ષણ રહ્યા કરે. જ્યાં પણ હું રહું, મયખાનામાં કે મસ્જિદમાં, મંદિરમાં કે મદિરાલયમાં, યાદ તારી સદા રહ્યા કરે; અને એની યાદ પણ એવી કે તમે ખુદ તમારી નજરમાં અજાણ્યા બની જાઓ. તમે બોલી ઊઠો :

**"યહ કૌન છા ગયા હૈ દિલોદીદા પર કિ**
**આજ અપની નજર મેં આપ હૈ નાઆશનાસે હમ."**

અર્થાત્ હૃદય અને આંખો પર આ કોણ છવાઈ ગયું છે કે ખુદ અમે અમારી નજરમાં અજનબી બની ગયા છીએ !'

**–સૂફી વિચારણા**



# ॥ હાસ્યસમ્રાટ શ્રી જ્યોતીન્દ્ર દવે ॥

શ્રી જ્યોતીન્દ્ર દવે ગુજરાતી હાસ્યસાહિત્યની મહામૂલી મિરાત છે. માનવસ્વભાવના આ ઊંડા મર્મજ્ઞના નિરીક્ષણમાં કડવાશ નહિ, કરુણા હતી. તેઓ માનતા કે જે પોતાના પર હસતો નથી એને બીજા પર હસવાનો અધિકાર નથી. એટલે જ રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રસંગે પોતાનો પરિચય આપતાં કહેલું :

'દેહ દાતણના જેવો, મન મર્કટના સમું
આત્મા કિન્તુ ગણું મારો વડો બ્રહ્માંડ જેવડો.'

કેટલાક માણસો કારણ વિના પ્રશ્નો પૂછી પૂછીને સ્ટ્રૉથી આપણું લોહી પીતા હોય છે. શ્રી જ્યોતીન્દ્ર આવો એક **સંવાદ** રજૂ કરે છે :

"'એના પિતા જીવે છે ?'
'અત્યાર સુધી એના મર્યાની ખબર આવી નથી.'
'નોકરી કરે છે ?'
'હા.'
'શું કમાય છે ?'
'પૈસા.'
'કેટલા.'
'લાકડાવાળાના અંકગણિતમાં પ્રસિદ્ધ એક સંખ્યા.'
'પૈસાનું શું કરે છે ?'
'તિજોરીમાં મૂકે છે ?'
'તિજોરીમાં ?'
'હા, તિજોરીમાં તેમજ ગજવામાં.'
'તિજોરી ક્યાંની બનાવટની છે ?'
'જાણતો નથી.'
'નથી જાણતા !'
'ના, નથી જાણતો.'
'આ સામે પેલો બટાકા જેવો બેઠો છે–'
'મારા મિત્ર માટે ફાવે તેમ ના બોલતા !'"

**–સંકલન**